




કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૬૦મું · અંક ૧લો · જાન્યુઆરી · ૧૯૮૩

સળંગ અંક

૭૦૯

તંત્રી · બિહારીલાલ ટાંક

•

કાપડ ઉપર છાપવા માટેની વિધવિધ ભાત માટે હાથે કોતરેલાં લાકડાનાં બીબાંની છાપ.
આમાંની મથાળે આપેલી (મૂળ બહુરંગી) ભાતને ઈ. ૧૯૭૯નો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો.
કોતરનાર : માણેકલાલ ગજ્જર (જુઓ આ અંકની 'કલાવાર્તા')

કુમાર

જાન્યુઆરી ૧૯૮૩
સળંગ અંક ૭૦૯

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક: અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ: રૂ. ૩૦-૦૦; પરદેશ: રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ: રૂ. ૩-૦૦

'કુમાર'ના ૧૯૮૦ અને '૮૧ના બધા અંકો તથા ઈ. ૧૯૭૭ના મેથી ઑક્ટોબર અને '૭૮-'૭૯ના ફેબ્રુઆરીથી ડિસેમ્બર સુધીના પ્રત્યેક અંક પોસ્ટેજ સાથે રૂ. ૧-૨૫ની કિંમતે આપવાની જાહેરાત ગયા અંકમાં કરી હતી. હવે તેનું વેચાણ ચાલુ થયું હોઈ ઇચ્છુકો તે અંકો મંગાવી શકે છે. **કિંમત પેટે ટપાલટિકિટો સ્વીકારાશે નહિ.**



પેથાપુરના કલાકસબી માણેકલાલ ગજ્જરે કોતરેલાં લાકડાનાં બીબાંની આ બે છાપ લગભગ મૂળ કદની જ છે. આ તથા આ અંકમાં અન્યત્ર આપેલી આવી બીજી ડિઝાઇનોનું વૈવિધ્ય તથા લાકડા પરની તેની કોતરણીની સફાઈ કલાકારની કલ્પનાશીલતા તથા સિદ્ધહસ્તતાની દ્યોતક છે.



રઢ, રાહ અને આહ / ઉશનસ્

(સૉનેટ-યુગ્મક)

૧. એ આવશે કે? (પુરુષની ઉક્તિ)

હું આજે ઊઠ્યો એ ઘડીથી જ, પડ્યા પ્રાતથી મને
શું યે ફૂટી ફૂલી રૂંરૂં નીકળ્યું છે એકલપણું!
ન'તું આવું ક્યારે પણ–સ્મરું છું–આખા ય જીવને,
અને સંગે કૉળ્યું કશું બબડતું એકલપણું!

પરોઢાનું મોઢું ટટળતું કશી વાત કરવા
રહસ્યે આચ્છાદી વિભવ, પણ વ્હેંચું કવણને?
ન જેને તેને તો કહી શકું; ચહું ખાસ જણને
અને એને તો ક્યાં સમય જ ઘડી આમ વળવા?

ભલે ભાઈ, ગોખ્યા કર તું મન, એ નામ નિશદી;
પરંતુ એ કોઈ ઉશનસતણે કારણ વળી
વળે કે આ બાજુ? ઉશનસ ભવોનો દળદરી-
બગાડે એ માટે સમય કીમતી કો પણ કદી?

અરે, મારા ગાંડા મન, સમજ કૈં; એ વળી અહીં
પગે મૂકે કે? આ દિશ વળી ઢૂંકે? ના ભઈ, નહીં.

૨. તું જો નહીં જ આવે તો (સ્ત્રીની ઉક્તિ)

ન યે આવે તું તો; કહું? તું ન્હૈં આવે જ–મન કહે–
થયું રૂઠે આવીને યદિ તું કર મારો વળી ગ્રહે,
ઊગે તો પશ્ચિમે સૂરજ, નદીઓ ઉદ્ગમ વહે-
ચળે મેરુ, માઝા જલધિ મૂકી દે, અગ્નિ ન દહે;

કહું? આજે તાળી દઈ દઈ તને તો–મન મને–
ટહૂકી ટૂહોકીને ઉર–ઊમટી વાતો કરવી'તી,
ક્ષણો ખાલી પોલી–મળી ન મળી–ઠાંસી ભરવી'તી,
તું તો જાણે લોભી જનમમૂંગી વાતોડિયણને...

મળીએ–મન્યો છે–મળી મલકની વાત કરીએ,
શું ખોટું છે એમાં, કહીશ? નહીં જો માણસ કરે
અમસ્તી પ્રીતિની લવરી, કયું પ્રાણી બીજું, અરે?
મળે-બોલે-ચાલે: મનુજતણી વ્યાખ્યા જ વળી એ;

ન જો આવ્યો, ચૂક્યો તક તું–જીવપે આવી છું ગઈ-
ઊભી વાટે હૈયું દઈશ લૂંટવી, હા પછી તું કહેશે: કહ્યું નહીં.

ચિન્મય ચર્ચરી / રાજેન્દ્ર શાહ

- ગઝલ -

પીપળાના પર્ણનું નહિ કંપવું:
ને નજર એની ઉપર મારી ઠરી.
નીલ એના વર્ણની ઝાંખી નહીં:
તેજની વ્હેતી જણાતી નિર્ઝરી.
વ્યોમનું આનંત્ય ક્યાં યે ના લહું:
અંધકાર નહીં, નહીં અવ શર્વરી.
એ કદાચિત હોય દર્પણની છબી:
થાય ઓળખ એમ કંઈ નિજી ખરી.
છે નજર મંડાઈ ઊંડાં મૌનમાં:
કોણ ગાતું છંદ ચિન્મય ચર્ચરી!

હવા / શશિશિવમ્

- ગાન -

હવા વૃક્ષમાં પેસીને આ અંગ મરોડે એવી,
સોળ સજી શણગાર સુહાગણ મલપે અંગે જેવી.
પોયણની પાંદડીએ ફરકે ઝીણીઝીણી ભાત,
વાદળનાં મલમલ ઓઢીને હૈયે ફરકે રાત.
કમલ વિશે પેસી મદઘેલી એવી ચડતી રમણે
લાલ કંચુકી શી સળવળતી ભીતર મીઠા શમણે.
રમતી રમતી જાય વેરતી પરિમલ દૂર હલેતી,
મલકાતી મલકાતી રમણી ઘૂમતી તાલી લેતી.
હવા વૃક્ષમાં પેસીને આ અંગ મરોડે કેવી!
સોળ સજી શણગાર સુહાગણ મલપે અંગે જેવી.

જળ-આયખું / શિલ્પિન્ થાનકી

• દોહરા •

જળ જમના હું સન્ચરી, આડો ફરિયો મોર,
બટકી મટકી-કોર, સોંપટ તરબોળાઈ હું.
વનરા પાકી બોરડી, વાલમ વાળે ડાળ,
જી પરથમ કાંટાળ ઈ આખર તો મીઠડાં.
આછી ડુંગર કેડલી, મેવો અનરાધાર,
છાલક પારાવાર, ઝાંપા લગ ઝણ પૂગતી.
પીળી પમરખ પામરી ઓઢી મેં આ પેર
મોલ ઝરૂખે ઠેર સૂરજ નજરું માંડતો.

સોને ભરિયો સાંઢિયો, રૂપાવરણો કાઠ,
તોરણિયાનો ઠાઠ, હાશ અધીરાં નૅણને.
મશરૂ માફા મઘમઘે, વાંકાનેરી વેલ,
છોગલિયાળો છેલ, આધી અમરત મેડિયું.
આંગણ લથબથ મોરિયો એરચડીનો છોડ,
અધવધ રિયે ન કોડ, લળતાં લેજો છાંયડી.
ઝીણી સરવર લ્હેરખી, હલમલ મોતી લાખ,
હંસા હળવે ચાખ, અજવાળી લે આયખું.

તમિળના મેધાવી ક્રાંતિકાર કવિ

સુબ્રહ્મણ્ય ભારતી

—પ્રફુલ્લ રાવલ—

શબ્દનો પ્રત્યેક ઉપાસક વિશિષ્ટ છે અને એમાં યે કવિ સવિશેષ. તેની પાસેથી શબ્દ કોઈ નવીન રૂપે જ પ્રકટ થાય છે. કહે છે કે કવિઓ 'જન્મે' છે. કવિ મૃત્યુ પામે છે ત્યારે એનો ક્ષરદેહ રહેતો નથી પણ તેનો અક્ષરદેહ તો અમર રહે છે – પોતાની કવિતા રૂપે. આથી જ સદીઓ પછી યે કાલિદાસ સૌને સાંભરે છે, શેક્સપીઅર સહુના હૃદયમાં રમે છે. કવિના ક્ષરદેહની યાત્રા તો ક્યારેક દીર્ઘ પણ નથી હોતી. શેલી અને કિટ્સ નાની વયે મૃત્યુ પામેલા. કલાપી માત્ર છવ્વીસ વર્ષની ઉંમરે વિદાય થયેલા અને તમિળના સુપ્રસિદ્ધ મહાકવિ સુબ્રહ્મણ્ય ભારતીનું આયુષ્ય માત્ર ઓગણચાલીસ વર્ષનું જ હતું. છતાં તમિળ પ્રજાજનો રાષ્ટ્રીય જાગૃતિના એ કવિને આજે યે એટલા જ ઉત્સાહથી સંભારે છે. અર્વાચીન તમિળ સાહિત્યના સહુથી પ્રભાવશાળી કવિ ભારતીનું આ જન્મ-શતાબ્દી-વર્ષ છે.

કવિ, તત્ત્વજ્ઞાની, સમાજસુધારક, પત્રકાર, સ્વાતંત્ર્ય-સેનાની, પ્રખર રાષ્ટ્રવાદી અને અર્વાચીન તમિળ સાહિત્યના યશસ્વી અગ્રણી સુબ્રહ્મણ્ય ભારતીનો જન્મ તિરુનલવેલી જિલ્લાના એટ્ટીયપુરમ્ ગામમાં ઈ. સ. ૧૮૮૨ની અગિયારમી ડિસેમ્બરે થએલો. 'ભારતી' તો એમનું ઉપનામ, મૂળ હતું, સુબ્રહ્મણ્ય અય્યર. પિતાનું નામ ચિન્નાસ્વામી અય્યર એટ્ટીયપુરમમાં એમણે મિલ નાખેલી. માનસ ધંધો કરવાનું, પરન્તુ મિલમાં સરિયામ નિષ્ફળતા મળી. ચિન્નાસ્વામીની આંતર-ઇચ્છા સુબ્રહ્મણ્યને ઉદ્યોગપતિ અથવા ઇજનેર બનાવવાની હતી જે એમના અવસાનથી સાકાર ન થઇ. એટ્ટીયપુરમમાં જમીનદારી અમલ હતો, અને ત્યારે જમીનદારો રાજા રૂપે ઓળખાતા. શરૂઆતમાં ચિન્નાસ્વામી આવા એક રાજાને ત્યાં નોકરી કરતા હતા. ઠીકઠીક સુખી પણ હતા, પરંતુ મિલ નાખી તેમાં બધું ગુમાવી દીધું.

સુબ્રહ્મણ્ય તમિળ સ્માર્ત બ્રાહ્મણ હતા. તેમનો દેખાવ અને પ્રવૃત્તિ એમને અન્ય બ્રાહ્મણોથી અલગ પાડતી. માથે પાઘડી, મૂછ, અને વેધક આંખો એમના બાહ્ય દેખાવને કવિપ્રતિભાથી અલગ પાડતી હતી. એ કાળે મૂછ અને દાઢી રાખવી તે આચારથી વિરુદ્ધ ગણાતું. આ કારણે ભારતીએ તે કાળના તમિળ બ્રાહ્મણોની ખફગી પણ વહોરવી પડેલી. પિતાના મૃત્યુ પછી તેઓ બનારસમાં ફુઆ-ફોઇને ત્યાં રહેતા. એ ફુઆને પણ ભારતીના આ ઢંગ ગમતા નહિ. વાસ્તવમાં એમનો આચાર એ સમાજ સામેનો વિદ્રોહ હતો. એટલી નાની વયે સમાજ સામે એમણે ઉપાડેલી જેહાદ એમના સુધારક વ્યક્તિત્વને છતી કરતી હતી. એ કાળે તેઓ તમિળ નહિ પણ ભારતીય રૂપે ઓળખાવાનું પસંદ કરતા.

સુબ્રહ્મણ્યની વય પાંચ વર્ષની હતી ત્યારે એમની માતા લક્ષ્મીઅમ્માલનું મૃત્યુ થયેલું. તિરુનલવેલીમાં સુબ્રહ્મણ્યે નવ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. એ સમયે એટ્ટીયપુરમના રાજાને ત્યાં કવિસંમેલનનું આયોજન થયેલું. એ સંમેલનમાં બાળક સુબ્રહ્મણ્યે પણ પોતાની કવિતાનું પઠન કર્યું હતું. સિદ્ધ કવિઓએ આ બાળ કવિનું નામ 'ભારતી' આપ્યું. કવિસંમેલનમાં મળેલું આ અભિધાન એમણે આજીવન જાળવી રાખ્યું, એટલું જ નહિ, એ જ જાણે એમનું સાચું નામ બની ગયું! સુબ્રહ્મણ્ય અય્યર 'ભારતી' નામે ઓળખાવા લાગ્યા. આમ તો એ દસ વર્ષની નાની વયથી કવિતા રચતા હતા.

એ સમયે બાળપણમાં લગ્નો થતાં. કવિની પંદર વર્ષની વયે ઇ. સ. ૧૮૯૭માં સાત વર્ષની ચેલ્લમ અય્યર સાથે એમનાં લગ્ન થઈ ગયાં. ચેલ્લમ કડયમ નામના ગામનાં હતાં. લગ્નના બીજા જ વર્ષે પિતા ચિન્નાસ્વામીનું અવસાન થયું ત્યારે તેઓ કોઈ સંપત્તિ છોડીને નહોતા ગયા, આથી ભારતીને જીવનનિર્વાહનો પ્રશ્ન ઊભો થયો. અભ્યાસ પણ પૂરો થયો નહોતો. પત્ની ચેલ્લમને પિયર મોકલીને ભારતી ફોઈના આમંત્રણથી બનારસ રહેવા જતા રહ્યા. ૧૮૯૮થી ૧૯૦૨ સુધી તેઓ ત્યાં રહેલા. અલ્લાહાબાદ વિશ્વવિદ્યાલય સાથે સંકળાએલી સેન્ટ્રલ હિન્દુ કૉલેજમાં દાખલ થઇ ત્યાં સંસ્કૃત-હિન્દીનું વિશેષ અધ્યયન કરીને પ્રવેશ–પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા. એ પછીનાં ચાર વર્ષ એમના જીવનનાં તેમજ વ્યક્તિત્વના નિર્માણનાં અતિ મહત્ત્વનાં બની રહ્યાં. એમનામાં સામાજિક ક્રાંતિની વિચારધારાનો જન્મ આ કાળે થયો હતો. મૂછ-દાઢી વધારવાની એમની રીતિમાં એમનું સામાજિક સુધારક તરીકેનું વ્યક્તિત્વ વિકસ્યું. ફુઆને એમનો આચાર અઘટિત લાગતો. પરંતુ ફોઈ કુપ્પમ્માલની લાગણીથી ભારતીએ ફુઆની નારાજગી પણ ગળી જઈ અભ્યાસમાં મન પરોવ્યું. મળયલમ, તેલુગુ, ઉર્દૂ, બંગલા અને ફ્રેન્ચ ભાષાઓ પણ શીખી લીધી. દરમિયાન એમની વિચારધારા પણ ક્રમશઃ પકવ થતી જતી હતી. બનારસમાં ગાળેલાં એ વર્ષો દરમિયાન ભારતની આંતરસ્થિતિ, સંસ્કૃતિ, ભાષા અને લોકોને સમજવાની આંતરદૃષ્ટિ પણ ખીલી. સ્વામી વિવેકાનંદનાં શિષ્યા સિસ્ટર નિવેદિતાના સંપર્કથી ભારતને એક માતૃશક્તિ રૂપે પૂજવાની એમને દીક્ષા મળી. સાથે આત્મબલિદાન–આત્મસમર્પણની ભાવનાનો પણ આવિષ્કાર થતો ગયો.

બનારસના નિવાસ દરમિયાન જ એટ્ટીયપુરમથી ત્યાંના નરેશનું નિમંત્રણ મળતાં તેઓ પુનઃ પોતાના ગામ આવી રહ્યા. રાજદરબારમાં કામ મળ્યું. કામ હતું પ્રતિદિન રાજાને દૈનિક પત્રો વાંચી સંભળાવવાનું, અંગ્રેજી પુસ્તકો વાંચીને સમજાવવાનાં અને વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરવાનો. આના મહેનતાણા રૂપે પ્રતિ માસ એમને બાર રૂપિયા મળતા. પરંતુ રાજાની વિલાસિતા અને અન્ય કર્મચારીઓની ઈર્ષાથી ભારતીનું હૃદય ક્ષુબ્ધ થઈ ગયું. અંતે ઈ. ૧૯૦૪માં આ કામ છોડી દઈ તેઓ મદુરામાં તમિળ ભાષાના શિક્ષક બન્યા. મદુરામાં એક સાહિત્યિક તમિળ માસિક 'વિવેકભાન' પ્રકટ થતું હતું તેમાં ભારતીની કવિતા પહેલીવાર પ્રસિદ્ધિ પામેલી. એ કવિતાનું ગાંભીર્ય એટલું હતું કે એની અર્થદ્યુતિ અર્થે સંપાદકે ખાસ પાદટીપ મૂકીને તેનું વિશ્લેષણ કરેલું. સત્યદર્શન અને સત્યનો આવિષ્કાર થતાં એમની વિચારધારા સામાજિક બંધનો સામે વિદ્રોહ કરતી થઈ ગઇ. અતઃ ક્રમશઃ ભારતીની કવિતામાં સામાજિક વિદ્રોહની છાયા વિશેષ દેખાવા લાગી.

શિક્ષકના વ્યવસાયમાં પણ એમની રુચિ પૂર્ણતઃ વિકસી નહિ. તેથી એમણે એ વ્યવસાયનો પણ ત્યાગ કર્યો. એમની લેખનશૈલીથી પ્રભાવિત થઇને 'સ્વદેશમિત્ર'ના સુપ્રસિદ્ધ તંત્રી જી. સુબ્રહ્મણ્ય અય્યરે એમને નિમંત્રણ આપ્યું અને પોતાના દૈનિકમાં મદદનીશ તંત્રી બનાવ્યા. લગભગ એ અરસામાં ભારતીએ 'શૈલીદાસન્' જેવું નામ પણ અપનાવ્યું હતું. 'સ્વદેશમિત્ર' ગાંધીવિચારધારા પર ચાલતું તમિળ ભાષાનું દૈનિક હતું. જી. સુબ્રહ્મણ્ય અય્યર પણ આધુનિક ભારતના એક

મહામાનવ હતા, પરંતુ આજે તો ભાગ્યે જ કોઈ ભારતીય એમને યાદ કરતું હશે. 'સ્વદેશમિત્ર'ના તો એ સ્થાપક હતા જ, ઉપરાંત વિખ્યાત પત્ર 'હિન્દુ'ના પણ સ્થાપકો પૈકીના એક હતા. તમિળ અને અંગ્રેજી પત્રકારત્વના એ આદ્ય સ્થાપક હતા. એમણે અનેક લેખકોને પ્રોત્સાહિત કરીને ભારતીય પત્રકારત્વનું આગવું ઘડતર કરેલું. આ બાહોશ તંત્રી-ની નજરે ભારતી ચડ્યા એ એમની શક્તિને જ આભારી છે.

'સ્વદેશમિત્ર'માં જોડાયા પછી અતિ અલ્પ કાળમાં જ સ્વકીય પ્રામાણિકતા, લેખન અને નીડરતાથી જી. સુબ્રહ્મણ્ય અય્યરના તેઓ પ્રીતિપાત્ર બની રહ્યા. આર્થિક સંકડામણ પણ હળવી થઈ અને ભારતી કુટુંબ સાથે તમિળનાડુના ત્રિપ્લીકેન વિસ્તારમાં રહેવા લાગ્યા. એમની ભાષા અત્યંત કડક હતી. રાજનીતિ પરના એમના લેખો અત્યંત વિવાદાસ્પદ બનતા. આથી ક્રમશઃ જી. સુબ્રહ્મણ્યે એમની પાસે ભાષણોના સારાંશ, અનુવાદ, જાતિપ્રથા, સ્ત્રીશિક્ષણ, વિધવાવિવાહ, રુઢિ ઇત્યાદિ વિષયો પર લેખ–નિબંધ લખાવવા માંડ્યા. પરંતુ એ તો ભારતીની રુચિ વિરુદ્ધનું હતું. જી. સુબ્રહ્મણ્ય અય્યરની વિચારધારા ગાંધીજીની આહસક વિચારધારાના મતની હતી, અને ભારતી બાલ ગંગાધર ટિળક તેમ જ બિપીનચંદ્ર પાલની વિચારસરણીના હતા. 'સ્વદેશમિત્ર'માં એમણે ટિળક, અરવિંદ ઘોષ અને સ્વામી વિવેકાનંદના લેખોનું ભાષાન્તર પણ કરેલું. પણ ભિન્ન વિચારધારાને કારણે ભારતીને ત્યાં બહુ ફાવ્યું નહિ, એટલે એ નોકરી છોડી દઈ તેઓ એક નવા તમિળ સાપ્તાહિકમાં જોડાયા. આ સાથે અન્ય એક સામયિકમાં પણ એમનાં લખાણો આવતાં. એમની દેશભક્તિ, ભાષાનું જોશ અને ક્રાંતિકારી માનસ એ લેખોમાં છતું થતું. લેખોની ફળશ્રુતિ રૂપે સમગ્ર તમિળ પ્રજા અને તદન્વયે આખા ભારતવર્ષના લોકોમાં જાગૃતિ આવેલી. એમનાં લખાણોથી અંગ્રેજ સરકાર ભયભીત બનેલી. તમિળમાં ભારતીનાં લખાણો તેમજ કવિતાઓથી એક પ્રકારની સ્વદેશભક્તિનું આંદોલન જાગ્યું. તેના પરિણામે તેમને ગિરફતાર કરવાની પણ તૈયારી થઈ. પરંતુ ભારતીને એની ગંધ આવી જતાં તેઓ પોંડિચેરી ચાલ્યા ગયા. અહીં તેઓ સલામત તો હતા જ, પણ બ્રિટિશ સરકારે તેમના પર પ્રતિબંધ મૂકી તેમને બ્રિટિશ હિંદની હદમાં આવતા રોકી રાખ્યા. આથી ભારતીની પ્રવૃત્તિનું ક્ષેત્ર માત્ર પોંડિચેરીમાં જ સીમિત બની રહ્યું અને સમગ્ર રાષ્ટ્રને જાગ્રત કરી શકે તેવી તેમની શક્તિથી અંગ્રેજશાસિત દેશ વંચિત રહ્યો. પોંડિચેરીમાં એમને ફરી આર્થિક ભીંસ ઘેરી વળી. એવા પણ દિવસો હતા કે જ્યારે ઘરમાં કશું જ રાંધી શકાયું ન હોય. છતાં એમની દેશભક્તિમાં સહેજ પણ ઓટ આવી નહિ, કે ન તો એમની કવિતાની ધારા સ્થગિત થઈ.

લોકમાન્ય ટિળકના પ્રભાવ તળે ઘડાએલા એમના રાજકીય વિચારોને પંજાબ, બંગાલ અને મહારાષ્ટ્રની ક્રાંતિકારીઓની વિચારધારા પણ સ્પર્શી ગએલી. એમના સમયમાં વી. ઓ. ચિદમ્બરમ્ પિલ્લઈ, સુબ્રહ્મણ્ય શિવા અને વી. વી. એસ. અય્યર તમિળનાડુના આગળ પડતા ક્રાંતિકારીઓ હતા. એમાંના વી. વી. એસ. અય્યર તો એમના અતિ નિકટના મિત્ર હતા. ઇંગ્લૈંડથી ભારત આવેલા અય્યરને ભારતીએ પોંડિચેરીમાં આશ્રય આપેલો. ૧૯૦૫માં બંગભંગના નિર્ણય પછી સમગ્ર રાષ્ટ્રમાં ચૈતન્ય પ્રસરેલું. તમિળનાડુમાં સ્વદેશી આંદોલનના પ્રચારાર્થે ભારતીએ પોતાનું મન લગાડયું હતું. પોતાના એક મિત્રની સહાયથી સ્વદેશી માલની એક દુકાન પણ એમણે ખોલેલી. 'સ્વદેશમિત્ર'માંથી નીકળીને એમણે ઈ.સ. ૧૯૦૬માં 'ઇન્ડિયા' સાપ્તાહિકનો પ્રારંભ કર્યો. ત્યાં જ એમણે લોકમાન્ય ટિળક આદિ ક્રાંતિકારીઓની વિચારધારાને અભિવ્યક્ત કરેલી. એ રીતે આમ જનતાને ક્રાંતિ પ્રતિ ખેંચી જવામાં ભારતીનો મોટો ફાળો હતો. મદ્રાસમાં એમણે અનેક



△ ખુલ્લા ગળાનો કાળો કોટ, કૈઝર જેવી મૂછો અને ભરાવદાર પાઘડી એ સુબ્રહ્મણ્ય ભારતીના દેખાવની આગવી લાક્ષણિકતા. જેવી એમની અક્કડ ચાલ, એવો જ અણનમ એમનો આત્મા હતો.

સભાઓમાં ઉપસ્થિત રહીને પોતાની ઓજસપૂર્ણ દેશભક્તિથી સભર કવિતાનું પઠન કરીને લોકોમાં રાષ્ટ્રીયતા તેમજ સાંસ્કૃતિકતાની ચેતના જાગ્રત કરેલી. પોતાના મિત્રો સહિત ૧૯૦૭માં કૉંગ્રેસના અધિવેશનમાં ભાગ લેવા માટે સુરત આવેલા. ત્યાં એમની ટિળક, લાલા લજપતરાય, અરવિંદ ઘોષ ઇત્યાદિ નેતાઓ સાથે મુલાકાત થએલી. 'ઇન્ડિયા' સાપ્તાહિકના તંત્રી શ્રી શ્રીનિવાસન્ તો માત્ર નામના જ તંત્રી હતા તેમ છતાં સાપ્તાહિકમાં પ્રદર્શિત થયેલા વિચારોથી એમની ધરપકડ થઈ હતી. આથી ચેતી ગયેલા સુબ્રહ્મણ્ય પોંડિચેરી પહોંચી ગયા. બનારસ, સુરત અને કલકત્તામાં ભરાયેલી રાષ્ટ્રીય કૉંગ્રેસનાં અધિવેશનોમાં ભાગ લેવા ઉપરાંત મદ્રાસમાં અનેક સભાઓ ભરીને એમણે રાષ્ટ્રીય ચેતના જગાડેલી, અને એ પછી જ એમને ફ્રેન્ચ શાસિત પોંડિચેરી ચાલ્યા જવાની ફરજ પડી.

પોંડિચેરીમાં એમણે પ્રારંભનાં વર્ષો દરમિયાન પોતાનું સામયિક ચલાવ્યું અને પોતાના રાજકીય વિચારોને વહેતા કરેલા. પરંતુ બ્રિટિશ સરકારની નજર એ પર પડી. આમે ય ભારતીની પ્રવૃત્તિથી સરકાર સજાગ તો હતી જ. તેથી બ્રિટિશ સરકારે પોતાનાં રાજ્યોમાં એ સામયિકના પ્રચાર પર પ્રતિબંધ મૂકયો. આથી એ વિચારો કેવળ પોંડિચેરીની પ્રજા પૂરતા જ મર્યાદિત બની ગયા. વળી, આર્થિક દૃષ્ટિએ પણ ભારતી ભાંગી ગયા. પરિણામે એમને સામયિક બંધ કરવું પડયું. એ ગાળામાં વી. વી. એસ. અય્યર અને અરવિંદ ઘોષ પોંડિચેરી આવ્યા અને એમણે ભારતીને પ્રોત્સાહિત કર્યા. પોંડિચેરીનો એ આઠ વર્ષનો વસવાટ અતિ વિકટ પરિસ્થિતિમાં પસાર થએલો. સાથેસાથે એ ગાળામાં સુબ્રહ્મણ્ય ભારતી હિંદુત્વની વિચારધારામાં ઊંડા ઊતર્યા. અરવિંદ ઘોષ સાથે એમણે આપણા પ્રાચીન ગ્રંથ વેદની ચર્ચા કરી. ઉપનિષદ, ગીતા ઇત્યાદિની

આપણા રાષ્ટ્રના ઉત્થાનકાળમાં દેશના પ્રાંતપ્રાંતમાં નવા યુગના કવિ-સાહિત્યકારો પ્રકટ્યા હતા. બંગાળીમાં કવિવર ટાગોર, ગુજરાતીમાં મેઘાણી, ઉર્દૂમાં જોશ મલીહાબાદી, મલયાલમમાં નલ્લા થોલ વગેરે એ યુગના જાણે કે વૈતાલિકો બની રહેલા. એ નૂતન યુગની ભાવનાઓને એમણે વાચા આપી હતી. તમિળ ભાષાના આવા જ કવિ હતા સુબ્રહ્મણ્ય ભારતી. ટાગોરનું નામ પણ જાણ્યા વિના એમની લયમધુર ગીતપંક્તિઓ જેમ બંગાળના અદના માછીમારોના મુખે રમતી થઈ ગઈ અને જેમ મેઘાણીનાં ગીતો લોકગીતો રૂપે ગુજરાતી જીવનમાં ઓતપ્રોત થઈ ગયાં છે તેમજ સુબ્રહ્મણ્ય ભારતીનાં ગીતો તમિલનાડુના ગામડેગામડે ગવાતાં રહ્યાં છે. સંત ત્યાગરાજ પછી દક્ષિણ ભારતને ગીતોનો મોટામાં મોટો વારસો કદાચ સુબ્રહ્મણ્ય ભારતીએ જ આપ્યો છે. શ્રીમતી શુભલક્ષ્મી જેવાં સુવિખ્યાત ગાયિકાથી માંડી ત્યાંના લગભગ બધા જ ગાયકો એમનાં ગીતો મુક્તકંઠે ગાતા રહ્યા છે. શુભલક્ષ્મીએ તો એક ખાસ સંગીત-કાર્યક્રમ યોજીને તેમાંથી મળેલી રકમથી, સુબ્રહ્મણ્ય ભારતી બ્રિટિશ હિંદ છોડી જઈ ફ્રેન્ચ હકૂમત પોંડિચેરીમાં જ્યાં રહેલા તે મકાન ખરીદી લઈને રાષ્ટ્રને ભેટ આપ્યું છે.

આજથી ૭૪ વર્ષ પહેલાં ૧૯૦૭માં સૂરતમાં યોજાએલું કૉંગ્રેસનું અધિવેશન એ ત્યારના ઉદ્દામ અને વિનિત બળો વચ્ચેની ચકાસણીનો એક ઐતિહાસિક પ્રસંગ હતો. લોકમાન્ય ટિળકના નેતૃત્વમાં સંગઠિત થવા માંડેલાં ઉદ્દામ બળોએ ગોખલેજી જેવા વિનીતો સામે ત્યારે જે ધાંધલ કરેલું તેમાં ખુરશીઓ, પગરખાં ને લાઠીઓ સુદ્ધાં ઊછળેલાં. લોકમાન્યની એ ઉદ્દામ છાવણીના બે દક્ષિણી મહારથીઓમાંના એક હતા સુબ્રહ્મણ્ય ભારતી. અને બીજા હતા વી. ઓ. ચિદમ્બરમ્ પિલ્લે. પણ એવા રાષ્ટ્રવાદથી રંગાએલા સુબ્રહ્મણ્ય ભારતીનું ખરું ક્ષેત્ર તો કાવ્યસર્જન હતું. પોતાની કવિતાઓથી એમણે છેક કુમારવયે તિન્નેવલ્લી જિલ્લાના એટ્ટીયપુરમના રાજાનું લક્ષ દોર્યું હતું. જ્વલંત દેશદાઝથી ઉભરાતા એ ઉદ્દામ કવિને અંગ્રેજીના શિક્ષણ પ્રત્યે ઘૃણા હોઈ એમણે તેનો અભ્યાસ ન કરતાં બનારસમાં સંસ્કૃત અને હિંદી ભાષા તથા સાથોસાથ હિંદુસ્તાની સંગીતનું શિક્ષણ લીધું હતું. ત્યાંથી પાછા આવ્યા બાદ 'સ્વદેશમિત્ર'માં જોડાઈ એમણે પોતાના લેખો અને કવિતાઓ દ્વારા તામિલ પ્રજામાં નવજાગૃતિ પ્રસારવા માંડી હતી. પરંતુ એમનો ઉદ્દામ દૃષ્ટિકોણ કૉંગ્રેસના એ દૈનિકપત્રને પોસાય તેમ ન હોઈ, લોકમાન્ય અને અરવિંદ ઘોષના જાગૃતિમંત્રનો પ્રચાર કરવા એમણે એક સ્વતંત્ર સાપ્તાહિક શરૂ કરેલું. સ્વદેશી આંદોલનને વેગ આપવા ભારતીએ મદ્રાસમાં 'ભારત-ભંડાર' પણ સ્થાપ્યો, જે એ સમયના ઉદ્દામવાદીઓની સઘળી રાજદ્વારી પ્રવૃત્તિઓનો એક ઉદ્ગમસ્રોત પણ રહેલો. લાલ, બાલ અને પાલની ત્રિપુટીના પરમ પ્રભાવના એ દિવસો હતા. ઝૂંબેશ-ગળામણો, ગિરફતારીઓ અને દેશપારીનો એ જમાનો હતો. અંગ્રેજી શાસકોની કરડી નજર ભારતી પર પણ મંડાએલી હતી જ, અને એમની પણ ધરપકડ થવાનું સંભળાવા લાગ્યું ત્યારે અનિચ્છા છતાં મિત્રોના આગ્રહથી તેઓ પોંડિચેરી ચાલ્યા ગએલા. તે પછી અરવિંદ ઘોષ અને લંડન તથા પારીસની છૂપી પોલીસને થાપ આપીને ફકીરવેષે વી. વી. એસ. અય્યર પણ પોંડિચેરી પહોંચી ગએલા. પોંડિચેરીમાં આ ત્રણેની ઉપસ્થિતિથી અકળાતી અંગ્રેજ સરકારે એમને ત્યાંથી હાંકી કાઢવા ફ્રેન્ચ સરકાર પર દબાણ વધારવા માંડયું અને પરિણામે ભારતી તથા અય્યર પોતાની પ્રવૃત્તિઓ પર થોડા અંકુશો સ્વીકારી બ્રિટિશ હિંદમાં પાછા ફરેલા. ભારતી ફરી 'સ્વદેશમિત્ર'માં જોડાયા અને અય્યરે 'દેશભક્તન્' નામનું તમિળ દૈનિક શરૂ કરેલું. આ 'દેશભક્તન્' પત્રે ભારતીના ઉદ્દામ રાષ્ટ્રવાદને પૂરતો અવકાશ કરી આપ્યો. એમના લેખો અને કાવ્યો તેમાં પ્રકટ થવા લાગ્યાં.

જન્મભૂમિની પ્રશસ્તિ સાથે ભારતીએ પોતાનાં કાવ્યોમાં હર્ષભેર શ્રમનું ગૌરવ ગાઈને શ્રમજીવીઓનો મહિમા વધાર્યો હતો. રશિયાની ક્રાંતિને પણ એમણે બિરદાવી હતી. કૃષ્ણ અને કાલિની ભક્તિ પણ તેમણે ગાઈ. 'કુઇલપાટ્ટુ', 'કણ્ણનપાટ્ટુ' અને 'પાંચાલીશપથમ્' એમની સુખ્યાત કાવ્યકૃતિઓ છે. સમાજસુધારણાનાં ગીતો પણ એમણે રચ્યાં છે, અને રાષ્ટ્રીય નેતાઓને પણ એમણે પોતાનાં કાવ્યોમાં બિરદાવ્યા છે. સંગીતના એ જ્ઞાતા હોઈ એમની રચનાઓનું ગેયતત્ત્વ કર્ણમધુર અને લાલિત્યપૂર્ણ રહ્યું છે. પત્રકાર તરીકે લખેલા તીખા લેખો ઉપરાંત કાવ્યાત્મક ગદ્ય પણ તેમણે આપ્યું છે. કહેવાય છે કે 'ભય ત્યજી દો, વિજય આપણો જ છે' એવું ઉદ્બોધતા એમના એક ગીત પર મુગ્ધ થઈ નેતાજી સુભાષે એ ગાવા માટે તેને સંગીતના સ્વરોમાં બદ્ધ કરાવ્યું હતું.

પોતાની કાવ્યકૃતિઓ અને પોતાની પ્રતિભાથી એ લોકહૃદયના સ્વામી બની રહેલા. એમનું સ્મારક રચવા 'કલ્કી'ના તંત્રીએ ૫૦૦૦ રૂપિયાની ટહેલ નાખેલી ત્યારે જોતજોતામાં ૫૦,૦૦૦ રૂપિયા એકઠા થઈ ગયા અને તે પછી યે વહેતા રહેલા નાણા-પ્રવાહને ખાળવા 'કલ્કી'એ જાહેર સૂચના પ્રકટ કરવી પડી હતી. એમના વતન એટ્ટીયપુરમમાં એમની યાદમાં એક ભવ્ય સ્મારક રચાયું છે. આપણે ત્યાં મેઘાણી અને નાનાલાલનાં આવાં સ્મારકો માટે રકમોનાં યે સાંસાં છે. —સં.

પણ રસિક ઊંડી ચર્ચા કરેલી. ક્રમશઃ હિન્દુત્વની ભાવનાથી મન પુષ્ટ થયું. શ્રી અરવિંદની પ્રેરણા અને વી. વી. એસ. અય્યરની મદદથી એમનું વેદાધ્યયન સરળ બન્યું હતું. શ્રી અરવિંદ ભારતી પાસેથી તમિળ ભાષાનાં પ્રાચીન કાવ્યો, નાયનવારો, અલવારો ઇત્યાદિનાં ગાયેલાં ગીતો સાંભળતા. ભારતીએ પતંજલિના 'યોગસૂત્ર' અને વૈદિક ઋષિઓની કવિતાને પણ તમિળમાં અનુવાદિત કર્યાં. આ જ સમયે ભારતીએ પોતાની ઉત્તમ કાવ્યકૃતિઓનું સર્જન કર્યું. આમ, પોંડિચેરીનો વસવાટ ભારતીના માનસિક વિકાસનો ગાળો હતો. એમની સર્જનપ્રક્રિયાનો આ કાળ અતિ મહત્ત્વનો છે. વિષમ પરિસ્થિતિમાં સમનો યોગ કર્યો. મહાકવિનું આ જ લક્ષણ. સંભવતઃ પોંડિચેરીના પ્રાકૃતિક વાતાવરણે પણ એમાં પ્રેરણા આપી હોય! સમુદ્રનો કિનારો, એકાંત અને કવિનું મન - ત્રિવેણી સંગમ હતો. આર્થિક સંઘર્ષમાં પણ એમણે કાવ્યોપાસના જારી રાખી. 'કુયિલ પાટ્ટુ', 'પાંચાલીશપથમ્', 'કણ્ણન પાટ્ટુ' ઇત્યાદિ એમની ખ્યાત રચનાઓ એ સમયમાં થઈ હતી. એમણે ભાષ્ય સાથે ગીતાનો અને કેટલાંક 'ઉપનિષદો'નો અનુવાદ પણ કર્યો. આથી એમની આધ્યાત્મિક ક્ષેત્રે ઠીક પ્રગતિ થઈ. એમણે પોતાને જ્ઞાન આપી શકે તેવા ગુરુની પણ શોધ કરેલી. એમની કેટલીક આત્મચરિત્રાત્મક કવિતાઓમાં એનો ઉલ્લેખ મળે છે. શ્રી અરવિંદની યોગવિભાવનાએ ભારતી પર ઘેરી અસર પાડેલી. આ પરિસ્થિતિને સામે છેડે ભારતી પાસે ભૂખ અને ગરીબાઈ હતી. આવી તંગ સ્થિતિથી વાજ આવી એમણે અંગ્રેજ-શાસિત પ્રદેશમાં જવાનું નક્કી કર્યું. તા. ૨૦ નવેમ્બર ૧૯૧૮ને દિવસે એમણે પોંડિચેરી છોડી અંગ્રેજ હકૂમત તળેના પ્રદેશમાં પ્રવેશ કર્યો. અંગ્રેજ સરકારની નજર તો ભારતી તરફ હતી જ. તેમણે ભારતીને પકડીને કડલૂર જેલમાં મોકલી દીધા. ત્યાંથી 'સ્વદેશમિત્ર'ના નવા તંત્રી શ્રી એ. રંગાસ્વામી આયંગરના પ્રયત્નોથી ૧૪ ડિસેમ્બર ૧૯૧૮ના દિવસે તેમને જેલમાંથી મુક્તિ મળી. એ પછીના થોડાક મહિનાઓ ભારતીએ પોતાની પત્નીના પિયરમાં પસાર કર્યા. ત્યારે એમને બે પુત્રીઓ હતી: તંગમ્મા ભારતી અને શકુંતલા ભારતી. આ બન્ને પુત્રીઓ પણ કવયિત્રી બની. ઉભય પાસે પિતાનાં અનેક સ્મરણો છે.

કડલૂર જેલમાંથી છૂટ્યા પછી પોતાના શ્વસૂરવાસમાં રહીને પુનઃ તેઓ 'સ્વદેશમિત્ર'માં જોડાયા. ત્યાં એમની પ્રતિષ્ઠા-કીર્તિ સારી હતી, પણ વેતન ઘણું નીચું હતું. અલબત્ત, તેમના દેશનિકાલ (અનુ. પૃ. ૧૨)

ભગો

મૂળ લેખક • પ્રો. જયંત નારળીકર

અનુવાદક

ભરત પાઠક

'માસ્તર! માસ્તર! બાઇણોં ખોલો! આકારામાંથી તારુલિયો પડયો', બારણું ઠોકતાંઠોકતાં શિવલો બૂમો પાડતો હતો.

માસ્તર આંખો ચોળતાંચોળતાં બહાર આવ્યા, 'કેમ શું છે? શાનો બકવાસ કરે છે?' ન પીનાર તરીકે શિવલાની ખ્યાતિ ન હોત તો તેમને ભળતી જ શંકા આવી હોત.

'હરિયા પરબત સંગાથે મુખીના ખળામેં મું ગપ્પેં મારતો બેઠો'તો. પ'મદા'ડે તમે દેખાડેલા તારા આકારામાં ખોળતો'તો; પણ બધા ય કોંઈ ઓળખાતા ન'તા. એટલામેં એક તારુલિયો જોણે ઉડીન્ આયો – ઠેઠ મુખીના ખળામેં! હરિયો ને મું ઝાડ આડે લપઈ જયા નો'ત તો અમારે મોથે જ આઇન્ પડત. હરિયો જ્યો સે મુખીને બોલાબ્બા, ને હું ઓંય તમારી કન આયો.'

રાતના અઢીનો સુમાર હતો. માસ્તર બોલ્યા, 'ચાલ તું આગળ થા. હું ફાનસ પેટાવીને આવ્યો.'

પણ શિવલો ત્યાં જ ઊભો રહ્યો. ખળામાં એકલાં જતાં તેને બીક લાગતી હતી.

એ બન્ને ખળા પર પહોંચ્યા ત્યારે પરશોતમ મુખી, તેમનો દીકરો શંકર અને રખોપિયો હરિયો એક ખૂણામાં ઊભેલા દેખાયા.

'આવો માસ્તર!' મુખીએ તેમનું સ્વાગત કર્યું, 'આ જુઓ મારા રખોપિયાઓ શું પકડી લાયા સે!' તેમણે થોડે દૂર પડેલી એક વસ્તુ તરફ આંગળી ચીંધી.

'પડ્યો તાર તો ચકાચક ચમકતો'તો તારોડિયાની પેઠમ્ પણ હવે કેવો કાળો ઠીકરી થઇ જ્યો!' હરિયાએ શિવલાનું વાકય બેવડાવ્યું. માસ્તર હળવે પગલે તે બાજુ ગયા.

સાધારણ એક ફૂટ વ્યાસના દડા જેવડી વસ્તુ હતી. બહારથી બળીને ચીમળાઈ ગયા જેવી હતી. જ્યાં તે પછડાઈ હતી તે ઠેકાણે જમીન પણ કાળી પડી ગઈ હતી.

'અરે, આ કાંઇ તારો નથી!' માસ્તરે ખુલાસો કર્યો, 'આ આવા પથરાઓ આકારામાં ગ્રહોની જેમ જ ફરતા હોય છે. તે કોઈ કોઈ વખત પૃથ્વી ઉપર આવી પડે – એને મિટીઓરાઈટ કહે છે. આ આપણા ગામમાં આવીને પડયો, એટલે હવે તેનું 'વીસાપુર મિટીઓરાઈટ' એવું નામ પડશે.'

'પણ આ તો પહેલાં ચકાચક ચમકતો'તો – સીધો સાદો પથ્થર નોંચ! આમેં તો જાદુ હશે.' હરિયો બોલ્યો.

'છટ્ છટ્! જાદુ-બાદુ કાંઈ હોય નહિ. નીચે પડે ત્યારે હવાનો ઘસારો લાગે એટલે ગરમગરમ થઈ જાય ને ચમક મારે. પથરા ઉપર પથરો ઘસીએ તો તીખારવા ના ઝરે?' માસ્તરે શક્ય તેટલા સાદા શબ્દોમાં ખુલાસો કર્યો.

'તોંણ પછે આ ભગાનો નિકાલ ચ્યમનો કરવો સે?' મુખીએ પૂછયું. હાથ અડાડીને જોવાની કોઈની છાતી નહોતી ચાલતી.

'તાલુકે ખબર કરી મૂકો. ત્યાંના એફસપર્ટ આવીને જે કરવાનું હશે તે કરશે.' માસ્તરની સલાહ સહુને ગળે ઊતરી.

ભગા ઉપર ચાદર ઓઢાડીને હરિયો ને શિવલો નજર રાખતા બેઠા.

ન્યૂ યૉર્કના કૅનેડી ઍરપોર્ટ ભણી જતી ટૅક્સી ઝપાટાબંધ દોડતી હતી. પણ તેમાં બેઠેલા પૅસેંજરના મનમાં વિચારોની દોડ તેથી પણ વધારે વેગથી ચાલુ હતી.

ડૉ. ડૅવિડ રૅટક્લિફ થોડા કલાક અગાઉની ઘટના યાદ કરતા હતા. હમેશની જેમ સવારે સાડા આઠ વાગ્યે પોતે 'ઇન્સ્ટિટ્યૂટ ફૉર સ્પેસ સ્ટડીઝ'માં આવેલી પોતાની ઑફિસમાં દાખલ થયા હતા. અમેરિકન ફિઝિકલ સોસાયટીની મીટિંગમાં વાંચવા માટેનો નિબંધ તૈયાર કરવાનું કામ હજુ હાથ પર લીધું ત્યાં જ ફોન આવ્યો : 'ભારતથી–દિલ્હીથી–તમારા માટે ઈન્ટરનૅશનલ ટ્રંકકૉલ આવે છે.' ઑપરેટરે જણાવ્યું.

ભારતમાંના ઘણા વૈજ્ઞાનિકોને પોતે જાણતા હતા. ઘણાની સાથે નિયમિત પત્રવ્યવહાર, નિબંધોની આપ-લે વગેરે પણ થતી, પણ ફોન પર બોલાવવા જેટલે હજુ વાત પહોંચી ન હતી. કોણ હશે ભલા?

તેમને વધારે વાટ જોવી પડી નહિ. ફોનમાં સ્પષ્ટ અવાજ સંભળાયો, 'ડૉ. રૅટક્લિફ? હું ડૉ. રાવ બોલું છું – પી. એ. ટી. રાવ.'

'મોર્નિંગ પૅટ!' ડૅવિડ રૅટક્લિફ અને પી.એ.ટી. (પૅટ) રાવ થોડાં વર્ષ પીએચ.ડી. સંશોધનમાં સાથે હતા.

'ગુડ ઈવનિંગ ડૅવિડ! અહીં સાંજ પડવા આવી છે. મેં આ ફોન તને અહીં તાત્કાલિક બોલાવવા માટે કર્યો છે. તું આજ રાતની એર ઇન્ડિયાની ફ્લાઈટમાં અહીં આવી શકીશ ને?'

'આજ રાતે જ? પણ શા માટે? મતલબ કે હું આવી શકીશ... પણ શા માટે તે સમજું તો ઠીક થાય.' ડૅવિડે કહ્યું.

'વીસાપુર મિટીઓરાઈટ અંગે મારે એક મીટિંગ ભરવી છે; બની શકે તો પરમ દિવસે સવારથી જ! બીજા બેત્રણ જણને બોલાવું છું. કૉર્નેલના ફ્લૉઇડ પૅકર પણ તે જ ફ્લાઇટમાં હશે. લંડનથી જ્હૉન ફ્લૅમિંગ ચડશે... તારી ટિકિટ કૅનેડી એરપોર્ટ ઉપર એર ઇન્ડિયાના ફર્સ્ટ-ક્લાસના ચેક-ઇન કાઉન્ટર ઉપર આપવામાં આવશે. વીઝાની જરૂર પડશે; પણ એની સગવડ દિલ્હી એરપોર્ટ પર કરી દીધી છે. એટલે તું આવે છે એમ માની લઉં છું.'

અને ત્યાર પછી એર ઇન્ડિયા તરફથી પણ ફોન આવેલો, અને ડૅવિડના પગ ઝપાટાબંધ ભારતયાત્રાની દિશામાં વળ્યા હતા.

વીસાપુર મિટીઓરાઈટ અંગે તેણે અમસ્તું છાપામાં વાંચેલું, પણ રાવના બોલવા પરથી કાંઇ સ્પષ્ટ થતું ન હતું. ફ્લૉઇડ પૅકર 'પ્રિ-બાયોટિક કૅમિસ્ટ' હતા — મતલબ કે અંતરીક્ષમાંની જીવસૃષ્ટિની શક્યાશક્યતાનો અભ્યાસ કરતા હતા. અને જ્હૉન ફ્લૅમિંગ માઇક્રૉબાયોલૉજિસ્ટ હતા. આ બધાંને એક સાથે તાત્કાલિક બોલાવવાનું કારણ શું હશે?

ડૅવિડના મનમાં એક જ કારણ જણાતું હતું, પણ તે એવું વિચિત્ર હતું કે એની શક્યતા સ્વીકારવા એ તૈયાર ન હતો.

વ્હેનવાઈક એક્સપ્રેસ વે પર થઇને ટૅક્સી એરપોર્ટ તરફ વળી અને એર ઇન્ડિયાના ડિપાર્ચર બિલ્ડિંગ પાસે પહોંચી. બોઇંગ–૭૪૭ માટેની ભીડ શરૂ થઈ હતી, પણ ફર્સ્ટ ક્લાસના કાઉન્ટર પાસે ખાસ ભીડ ન

મૂળ મરાઠીમાં લખાએલી આ વાર્તાઓ 'દક્ષાચી દેણગી'ના અનુવાદની પરવાનગી આપવા બદલ પ્રો. જયંત નારળીકર તથા પ્રકાશક 'મૌજ પ્રકાશન'નો હું આભારી છું. આ 'ભગો' તેમાંની એક વાર્તા 'ધોંડ'નો અનુવાદ છે. – અનુવાદક

હતી. એક વ્યક્તિ હાથ લાંબા કરીકરીને કાઉન્ટર પાછળની બાનુને કાંઈક કહેતી હતી. દૂરથી લાગે કે જાણે કશી લડવાડ ચાલે છે.

ડૅવિડના ચહેરા પર સ્મિત ફરકયું. લાંબા હાથ કરનાર વ્યક્તિને તેના માથા પરની ટાલને લીધે તેણે દૂરથી જ ઓળખી લીધી હતી. સાવ સાધારણ વાતચીતમાં પણ લાંબાલાંબા હાથ કરવાની ક્લૉડ પૅકરની ખાસિયત તેના મિત્રવર્તુળમાં મજાકનો વિષય હતી.

'હલો ક્લૉડ, શું કહે છે તું એને?' તેની પીઠ પર ધબ્બો મારતાં ડૅવિડે પૂછ્યું.

'પ્રવાસ દરમિયાન મારે શાકાહારી ભોજન જોઈશે એમ મારે એને કહેવું છે,' ભાંગ્યાતૂટયા અંગ્રેજીમાં પૅકર બોલ્યો. એની એ સમસ્યા હલ કરીને પછી સામાન ચેક-ઇન કર્યા બાદ ડૅવિડે એક-બે ફોન કર્યા.

ક્લૉડ પૅકરને પણ ડૅવિડ કરતાં વધારે માહિતી ન હતી, અને કુતૂહલ તેના જેટલું જ હતું. વિમાનમાં બન્ને જણ બાજુબાજુમાં બેઠા.

વિમાન ઊપડતાં પહેલાં ઍરહોસ્ટેસે તેમને ભારતનાં વર્તમાનપત્રો આપ્યાં. 'ઇન્ડિયન એકસપ્રેસ'માં ડૅવિડે એક સમાચાર વાંચ્યા :

રશિયન ચેસ-ગ્રાન્ડમાસ્ટરનું ભારતમાં આગમન

ભારતમાં શતરંજનો અધિક પ્રચાર થાય તે હેતુથી ઇન્ડિયન ચેસ ફેડરેશને રશિયાના ગ્રાન્ડમાસ્ટર એલેક્ષી નોવિકોફનો ભારત-પ્રવાસ યોજ્યો છે. શ્રી નોવિકોફ વિશ્વના ત્રીજા નંબરના શતરંજપટુ ગણાય છે. જો કે ઘણા લોકોના મત મુજબ તેમની લાયકાત એથી પણ ઊંચી છે. ભારતમાં તેઓ અનેક સ્થળે રમવાના છે. પરંતુ તેમના બરનો હરીફ ભારતમાં ન હોવાથી તેમની રમતની ખૂબીઓ કેટલી હદે જોવા મળશે તેની શંકા છે.

ડૅવિડ પોતે શતરંજનો શૉખિન ખેલાડી હતો. કેટલાયે નિપણાત ખેલાડીઓની શૈલીનો એણે અભ્યાસ કર્યો હતો. 'મારી ભારતયાત્રામાં મને નોવિકોફની રમત જોવા મળશે કે?' એવો વિચાર તેના મનમાં ફરકી ગયો.

પૅટ રાવની ઑફિસ સામે આવેલા કૉન્ફરન્સ રૂમમાં દસ જણની સભા ભરાઈ હતી. અધ્યક્ષસ્થાને ખુદ રાવસાહેબ હતા. પ્રખ્યાત વૈજ્ઞાનિક હોવા છતાં તેમના વર્તનમાં એક પ્રકારનું મિલનસારપણું હતું. એટલે જ એકદમ નવા વિદ્યાર્થીને સુધ્ધાં તેમની સાથે ચર્ચા કે વાદવિવાદ કરવામાં બીક લાગતી નહિ. પહેલાં રાવસાહેબને ચેઇન-સ્મૉકિંગની ટેવ હતી. દાક્તરી સલાહ માનીને તેમણે ધૂમ્રપાન બંધ કર્યું; પણ તેના બદલે, ઊંડા વિચારમાં મગ્ન હોય ત્યારે તેમને ખારી શીંગ ખાવાની ટેવ પડી હતી. તેમના ખિસ્સામાં સિગારેટના પાકીટને બદલે ખારી શીંગનાં પડીકાં રહેતાં.

તેમની બાજુમાં પ્રયોગશાળાના ઍડમિનિસ્ટ્રેટિવ ઑફિસર ડૉક્ટર ભટકમકર બેઠા હતા. તેઓ પણ એક કાળે વૈજ્ઞાનિક હતા; પરંતુ સંશોધનોમાં પોતાની ખાસ ગતિ નથી એ સમજી જઈને તેમણે વહીવટ ભણી કદમ માંડેલાં અને એકાદા નિષ્ણાત આઈ. સી. એસ. કે આઈ. એ. એસ. કરતાં પણ વધારે પ્રાવીણ્ય આ ક્ષેત્રમાં તેમણે મેળવેલું.

ક્લૉડ પૅકર અને ડૅવિડ રૅટક્લિફની જેમ જ, પરદેશના વૈજ્ઞાનિક જૉન ફ્લૅમિંગ, માઇક્રોબાયોલૉજિસ્ટ, પણ આ સભામાં હાજર હતા. તેમણે જીવરચનામાં મૂળભૂત રીતે આવશ્યક ગણાતા અણુઓનો અભ્યાસ કર્યો હતો. એ ઉપરાંત, બે ભારતીય કૉમ્પ્યુટર નિષ્ણાતો—ડૉ. ગુપ્તા સૉફ્ટવેઅરના અને ડૉ. રામનાથન્ હાર્ડવેઅરના—પણ હાજર હતા. ડૉ. રાવના વિભાગમાંથી તેમના બે સહકાર્યકરો ચર્ચામાં ભાગ લેવા અને ચર્ચાની નોંધ લેવા નોટબુકો લઈને આવ્યા હતા.

દસમી વ્યક્તિ સહુના પછી આવી અને તેણે સાથે આણેલી કાળા કપડામાં ઢાંકેલી વસ્તુ બાજુના ટેબલ ઉપર મૂકી.

ડૉ. રાવે ઓળખાણ કરાવી : 'આ છે મગજના પ્રસિદ્ધ નિષ્ણાત ડૉ. મથરાની. તેમણે સાથે આણેલી વસ્તુ છે વીસાપુરનો મિટીઓરાઈટ જેને માટે આપણે અહીં એકઠા થયા છીએ તે.'

'આ મીટિંગ બોલાવવા પાછળનો હેતુ જાણવા અમે બધા ઘણા જ ઉત્સુક છીએ.' લાંબા હાથ કરતાં ડૉ. પૅકર બોલ્યા.

ગળું ખોંખારીને ડૉ. રાવ કહેવા લાગ્યા : 'આ મિટીઓરાઈટ અઠવાડિયા પહેલાં વીસાપુર નામના એક ગામડામાં મળી આવ્યો હતો. ખળું સાચવનાર બે રખોપિયાઓએ એને પડતો જોયો હતો. પડતી વખતે તે ચળકતો હતો તેવું તેમણે વર્ણન કર્યું છે. નીચે પડયો ત્યારે ચીમળાઈ ગયા જેવો હતો. ગામના માસ્તર અને બીજા આગેવાનોએ એવા સ્વરૂપમાં તે જોયો હતો.

'બીજે દિવસે નજીકના મોટા શહેરમાં તે લાવવામાં આવ્યો અને ત્યાંની કૉલેજના વિજ્ઞાનના પ્રોફેસરોએ તેની ઉપરઉપરથી તપાસ કરીને અમારા ભણી રવાના કર્યો. પણ તેમને એક વિસંગતિ ધ્યાનમાં આવી. વીસાપુરના લોકો કહે છે કે તેમણે જોયો ત્યારે મિટીઓરાઈટનું પડ કાળું ડિબાંગ હતું; જ્યારે પ્રોફેસરોને તેનો રંગ રાખોડી દેખાયો હતો.'

'ઇન્ટરેસ્ટિંગ!' ડૉ. ફ્લૅમિંગ બોલ્યા.

'પણ હજુ આગળ સાંભળો,' રાવ બોલ્યા, 'આ મિટીઓરાઈટ અમારા સુધી પહોંચતાં બીજા બે દિવસ લાગ્યા, અને અમે જોયો ત્યારે તેનો રંગ રાખોડી નહિ પણ સફેદ બાસ્તા જેવો હતો અને હજુ પણ એવો ને એવો જ છે. પૃથ્વીના વાતાવરણમાં થઈને આવતાં થએલા ઘર્ષણથી થતી ગરમીની કોઈ જ અસર અત્યારે તેના પર દેખાતી નથી.'

'અમે જોઈ શકીએ કેવોક દેખાય છે તે?' ડૅવિડે આતુરતાથી પૂછયું.

'થોભો! તમારી આતુરતાને હજુ થોડી કાબૂમાં રાખો.' ડૉ. રાવ હસતાંહસતાં બોલ્યા, 'મેં તમને બધાને અહીં બોલાવ્યા તેનાં બીજાં પણ કારણો છે. અહીં અમે તેનો એક નાનો કટકો લઈને તેનું પૃથક્કરણ કરી જોયું; તો તેમાં અમને કેટલાક એવા અણુ (molecules) જોવા મળ્યા કે જેને આપણે જીવનનાં મૂળઘટક તરીકે માનીએ છીએ. આ અણુઓ એમિનો ઍસિડ્સ સાથે પુષ્કળ સામ્ય ધરાવે છે; ઉપરાંત તેમની રચનાની સુસંબદ્ધતા મને ઘણી મહત્ત્વની લાગી છે. પૃથ્વી બહાર એમિનો ઍસિડ્સના અસ્તિત્વ અંગે કેટલાક પુરાવા મળ્યા છે ખરા, પણ મારા માનવા મુજબ આ પુરાવો સૌથી વધારે નક્કર છે અને એટલે જ મેં તમને અહીં સુધી દોડાવ્યા છે.

'વળી, આ દરમિયાન બીજી પણ એક ઘટના બની, જેના કારણે આ સભાનું મહત્ત્વ ઓર વધી ગયું છે. અમે આનું પૃથક્કરણ કરતા હતા તે વખતે પ્રયોગશાળામાં વિદ્યુત્ આંદોલનોનું એક રીસિવર વિદ્યુત તરંગોનું અસ્તિત્વ દેખાડવા લાગ્યું. એ તરંગો આ મિટીઓરાઈટમાંથી જ નીકળે છે એ અમને બધાને જણાઈ આવ્યું. મનુષ્યના મગજમાંથી જેવા પ્રકારના વિદ્યુત તરંગો નીકળે તેવા જ એ મને લાગ્યા. મેં તરત જ ડૉ. મથરાનીને બોલાવ્યા, તેઓએ પણ પ્રયોગ કરી જોયા અને મારા અનુમાનને ટેકો આપ્યો. તેઓ આજે આપણને વધારે માહિતી આપવાના છે.

'એટલે મારી એવી દૃઢ માન્યતા છે કે આજ સુધી મળેલા મિટીઓરાઈટ કરતાં આ તદ્દન જુદો જ છે, અને તેમાં કશેક જીવસૃષ્ટિનો ઉગમ હોવો જોઈએ. મારી એ માન્યતા ખરી છે કે નહિ, અને જો ખરી હોય તો આ જીવસૃષ્ટિ કેવા પ્રકારની છે, કયાં કેન્દ્રિત થએલી છે, એ બધું આપણે શોધી કાઢવાનું છે. મેં તો ફક્ત આને જીવ છે જાણીને

એનું પહેલેથી નામ પાડી રાખ્યું છે: ભગો—આને શોધી કાઢનારા સંશોધકોએ તેનો એ નામે ઉલ્લેખ કરેલો. આવો, હવે હું તમને ભગાની ઓળખાણ કરાવું.'

અને રાવસાહેબે ભગા ઉપર ઢાંકેલું આવરણ ઉઠાવી લીધું.

બધા વૈજ્ઞાનિકો ભગાના ટેબલની આજુબાજુ ટોળે વળ્યા, પરંતુ તેમણે ધાર્યું હતું તેવું ખાસ કશું વિશિષ્ટ દેખાયું નહિ. પથરા જેવો પદાર્થ હતો – માત્ર એની સપાટી શુભ્ર અને ચકચકિત હતી. પણ એને જોઈને કોઈને પણ એવું લાગ્યું ન હોત કે એમાં જીવ હોય.

'આનું પડ ખરેખર ચીમળાએલું હતું?' માન્યમાં ન આવતું હોય તેમ જ્હૉન ફ્લૅમિંગે પૂછ્યું.

'એકદમ ભરોસાપાત્ર સાક્ષીઓએ એવી સાહેદી પૂરી છે. જો કે મેં એને પ્રત્યક્ષ જોયો નથી.' પૅટ રાવે કહ્યું.

જ્હૉન ફ્લૅમિંગે પૅકર ભણી જોયું—તે બન્નેના મનમાં કદાચ એક જ વિચાર આવ્યો હશે. કારણ બેઉ એકીસાથે જ બોલ્યા, 'આના થોડાક ભાગ ઉપર અમારે પ્રયોગ કરી જોવા છે.'


એટલામાં મથરાની થોડાંક સાધનો લઈ આવ્યા. ઇલેક્ટ્રૉડ જેવી થોડીએક પટ્ટીઓ તેમણે ભગાની સપાટી પર લગાડી, અને પટ્ટીઓમાંથી નીકળતા તાર એક પેટી સાથે જોડ્યા. પેટીનું ઢાંકણ ઉઘાડી તેની અંદરનાં કેટલાંક બટન તેમણે દાબ્યાં. તે સાથે જ પેટીમાંના ઘડિયાળના જેવા ચંદા ઉપરના કાંટા એકદમ ફરકવા લાગ્યા.

'ભગાના મગજમાંથી નીકળતા વિદ્યુત-તરંગો ઓછાવત્તા થતા દેખાય છે.' મથરાની બોલ્યા.' ઓછાવત્તા થાય છે તે તેની ઉત્તેજનાનું પ્રમાણ દર્શાવે છે.' એક કાગળ ઉપર દોરાતા જતા આલેખ તરફ તેમણે સહુનું ધ્યાન દોર્યું.


તરંગ અનુસાર ઉપર-નીચે જતી રેખાકૃતિ કાગળના વીંટા ઉપર આલેખાતી જતી હતી. મથરાનીએ બીજો વીંટો લઇને ઉકેલ્યો, જેના ઉપર આવો જ એક આલેખ દોરાએલો હતો.

'આ ગઈ કાલના આલેખની સરખામણીમાં આજનો આલેખ વધારે પ્રમાણમાં ઉપર-નીચે થતો જણાય છે. મને લાગે છે કે ભગાને આપણી સહુની હાજરીની ખબર પડી ગઈ છે. ગઈ કાલે તો હું એકલો જ હતો.'

ડૅવિડ રૅટક્લિફના શરીરમાં આછી કંપારી પસાર થઈ ગઈ. તેણે બંને આલેખો જોયા.: આ આલેખ—



એ ગઈ કાલનો આલેખ હતો. પણ અત્યારનો આલેખ આવો હતો.



મતલબ કે ભગાનું 'મગજ' જાગ્રત હતું; એટલું જ નહિ, પણ મનુષ્યના મગજની જેમ પ્રસંગને અનુરૂપ કાર્ય કરતું અને બદલાતું સુધ્ધાં હતું.

'તમારી પાસે સારામાંનું કમ્પ્યૂટર છે કે?' તેણે પૅટ રાવને પૂછ્યું.

'હા, છે.'

પ્રયોગશાળાના ઇલેક્ટ્રૉનિક કમ્પ્યૂટર અંગેની સઘળી માહિતી ડૉ. રામનાથને આપી. ડૅવિડ આગળ બોલ્યા, 'ડૉ. ગુપ્તા અને ડૉ. રામનાથનની મદદ મળે અને કમ્પ્યૂટર વાપરવા મળે તો આ 'મગજ'ની શક્તિ અજમાવી-ચકાસી શકાય. કમ્પ્યૂટર પૂરેપૂરું સળંગ ૨૪ કલાક માટે વાપરવા મળી શકે તો વધુ સારું ?'

ડૉ. ગુપ્તાને કાંઈ મુશ્કેલી ન જણાઈ. રામનાથને પણ આ પ્રયોગમાં ભાગ લેવા તૈયારી બતાવી.

પરંતુ આટલો વખત શાંત રહેલા ભડકમકર બોલ્યા, 'દિવસના અમુક કલાકો માટે તો કમ્પ્યૂટર ઉદ્યોગોના વપરાશ અર્થે અપાઈ ચૂક્યું છે. એટલે હવે આમાં કેવી રીતે આપી શકાય ?'

રાવ બોલ્યા, 'પણ માની લો કે કમ્પ્યુટર ખોટકાયું હોત તો ઉદ્યોગો શું કરત? આપણે કહીશું કે ઈમરજન્સી આવી પડવાથી તેમને થોડો સમય નાઈલાજે કમ્પ્યૂટર આપી શકાય તેમ નથી.'

'એવું જોખમ હું મારે માથે લેવા માગતો નથી.' ભડકમકરે હાથ ઉઠાવી લીધા. એમનો આ બચાવનો પેંતરો હવે મહેમાનોને પણ અજાણ્યો રહેવાનો ન હતો.

'સારું. ધારો કે હું તમને એવું લેખિત આપું તો?' રામનાથને પૂછ્યું.

'લેખિત' એ જાદુઈ શબ્દ કાને પડતાં જ ભડકમકર ખીલી ઊઠ્યા, 'હા, હા; તો ચાલશે. પણ બે કૉપી મોકલજો - એક મારી ફાઈલમાં રહેશે અને બીજી હું સાઈક્લોસ્ટાઈલ કરાવવા મોકલી આપીશ.' ઠરાવેલી મર્યાદા ઓળંગવા માટે ભરપેટ લેખિત પુરાવા છે અને પોતાની કોઈ જવાબદારી નથી તે પહેલાં નક્કી થઈ જવું જોઇએ, એવું તેમને મળેલું શિક્ષણ તેઓ કાળજીપૂર્વક પાળતા આવ્યા હતા.

મીટિંગ પૂરી થયા પછી વૈજ્ઞાનિકોની બે ટુકડી પડી. ફ્લૅમિંગ અને પૅકરે ભગાનો અગાઉ કાપી રાખેલો ટુકડો પ્રયોગો કરવા માટે લીધો. બાકી બચેલો ભગો ડૅવિડ કમ્પ્યૂટરખંડમાં લઈ ગયો. પૅટ રાવ, ગુપ્તા અને રામનાથને મથરાનીની મદદથી ભગાને 'તાલીમ' આપવા વિચાર્યું.

સૌથી પહેલાં રામનાથને ભગાના મગજને કમ્પ્યૂટરની 'મેમરી' (યાદદાસ્ત) સાથે જોડ્યું અને પ્રયોગોની શરૂઆત થઈ. ભગામાં વિચારશક્તિ છે કે નહિ તે જાણવાનો આ પ્રયોગનો મુખ્ય ઉદ્દેશ હતો. હોય તો તે કેટલે સુધી વિકસિત છે? તેમાં યાદશક્તિનો હિસ્સો ખરો કે નહિ? વગેરે પ્રશ્નોના જવાબ શોધવાનો એમનો ખયાલ હતો.

'શરૂઆત કેવી રીતે કરવી છે?' મથરાનીએ પૂછ્યું.

'મને લાગે છે કે તેને 'બાયનરી એરિથમૅટિક' (દ્વિઅંકી અંકગણિત)નો પરિચય કરાવી જોઇએ.' ગુપ્તા બોલ્યા. ડૅવિડે અનુમોદન આપ્યું.

બાયનરી એરિથમૅટિક એટલે ૦ અને ૧ એ બે જ આંકડાથી મંડાતું અંકગણિત. વ્યવહારમાં ૦ થી ૯ સુધીના દસ અંક વપરાય છે. ૯ પછીનો આંકડો ૧૦ એમ લખાય છે. 'દસ' માટે નવો અંક વાપરવામાં આવતો નથી. તેવો જ નિયમ બાયનરી એરિથમૅટિકનો છે. ૦ અને ૧ પછીનો 'બે'નો આંકડો લખવા માટે નવો અંક ન વાપરતાં ૧૦ એમ લખવામાં આવે છે. એ જ નિયમ મુજબ આગળ ચાલતાં 'ત્રણ' એટલે ૧૧, ચાર એટલે ૧૦૦, અને એ રીતે આગળ...

પરંતુ ભગાને ૦ અને ૧ એ બે અંકોનો ખયાલ કેવી રીતે આપવો? લાંબા અને ટૂંકા સમયના ઇલેક્ટ્રૉનિક સિગ્નલો વડે જ તો! :

— ◦ — ◦ — ◦ — ◦ — ◦ —

૧ ૦ ૧ ૦ ૧ ૦ ૧ ૦ ૧ ૦ ૧

ટપાલમાં તાર મોકલવા માટે વપરાય છે તેવા મોર્સ કોડનો જ એક પ્રકાર થયો!

અનેક વાર પ્રયોગ કર્યા પછી ભગાએ વળતા જવાબ વાળવાની શરૂઆત કરી. લાંબા સમયના સિગ્નલ(—)ના જવાબમાં ભગામાંથી



આવો તરંગ આવે અને ટૂંકો (•) સિગ્નલ આપ્યો કે પહેલાથી જુદો પણ એક ચોક્કસ જાતનો આવો તરંગ મળે.



'હં', ભગાને અંકપરિચય તો થયો !' ગુપ્તાએ હાશ કરી.

'હવે પછીનું બધું કામ સહેલું છે.' ડૅવિડ બોલ્યો, 'હવે એને સરવાળા-બાદબાકી શીખવવાનાં; એટલે એ 'સુશિક્ષિત' બનશે !'

અને તેઓની અપેક્ષા પ્રમાણે આગળનું કામ સહેલું નીવડ્યું. ભગાને અંકગણિતના નિયમો આત્મસાત્ કરવામાં વાર લાગી નહિ. તેણે આપેલા જવાબો તરંગોના રૂપમાં હોવા છતાં તેમનું આંકડાઓમાં રૂપાંતર થઈને કમ્પ્યૂટરમાંથી છપાઈને બહાર આવવા લાગ્યું હતું.

'મારા ધારવા મુજબ આનું મગજ ખૂબ જ ઊંચી કોટિનું અને યાદશક્તિ અખૂટ છે. એક વાર શીખ્યો તે ભૂલતો જ નથી. —આપણે શીખવીએ તેટલું ઓછું.' મથરાની બોલ્યા.

માત્ર ડૅવિડના ચહેરા પર ચિંતાનો ભાવ હતો. પરંતુ ચિંતાનું ચોક્કસ કારણ તે પોતે પણ ન કહી શક્યો હોત. સરવાળા-બાદબાકી શીખતાંશીખતાં ભગાએ જાતે જ ગુણાકાર-ભાગાકાર શોધી કાઢ્યા હતા અને એવી જ પદ્ધતિ એના ઈતર 'શિક્ષણ'માં પણ દેખાઈ આવી. ગણિતનાં મૂળતત્ત્વો અને પ્રશ્ન ઉકેલવાની રીત ખબર પડી કે પછી કોઈ પણ પ્રકારના દાખલા ચપટીમાં ગણવા લાગ્યો. યુક્લિડની ભૂમિતિના નિયમ કહેવામાં આવતાંવેંત તે પાયથાગોરસનું પ્રમેય ઉકેલી શક્યો.

'કેવી વિલક્ષણ વિચારશક્તિ છે !' ગુપ્તા આશ્ચર્યચકિત થઈ બોલ્યા, 'આઈન્સ્ટાઈન જેવું ભેજું લાગે છે બેટમજીનું ! 'શિષ્યાદિચ્છેત્પરાજયમ્' કહેવું જોઈશે.'

'શિષ્યોથી પરાજય પામવાની તો ગુરુને ટેવ જ હોય.' ડૅવિડને પોતાની ચિંતાનું કારણ હાથ લાગ્યું. ગુપ્તાએ આઈન્સ્ટાઈનનું નામ દીધું. પણ ડૅવિડના મતે ભગાની પ્રગતિ કોઈ પણ માનવ-ભેજાના ગજા બહારની હતી.

આઈન્સ્ટાઈન...એટલે જર્મન ભાષામાં એક પથરો !

પણ આ પથરો તો એક વાર શરૂઆત કર્યા પછી ઢગલામોઢે જ્ઞાન ગળતો જતો હતો, અને જ્ઞાન પછવાડે તો આવે શક્તિ...ડૅવિડને આ અમાનવી ભેજાની શક્તિ મર્યાદિત રાખવી હતી. આ શિષ્ય પાસેથી પરાજય નહોતો જોઈતો !

ગુપ્તા તો તેને શીખવતા જ હતા. પુષ્કળ ગણિત તેના ભેજામાં ઠાંસ્યા પછી તે બોલ્યા, 'ચાલો હવે એને વિજ્ઞાનની દીક્ષા દઈએ.'

'થોભો !' ડૅવિડ એકદમ બૂમ પાડી ઊઠ્યો, 'અમૂર્ત ગણિત શીખવીએ તે ચાલે – પરંતુ વિજ્ઞાન ? માનવીની સંસ્કૃતિની સઘળી શક્તિઓ જેમાં સમાય છે તે વિદ્યાની ગુરુચાવી આપણે જાતે થઈને આ પારકાને આપવી છે ?'

બાકીના સૌ ડૅવિડ તરફ નવાઈથી જોઈ રહ્યા. ડૅવિડના ધ્યાનમાં આવ્યું કે પોતાનો વિચાર આ સૌને ગળે ઉતારતાં વાર લાગશે — વળી, ઊતરશે જ એવું યે નહિ. તો તેમને જુદી દિશામાં વાળ્યા હોય તો ? તેના મનમાં એક વિચાર સૂઝ્યો. તે બોલ્યો, 'વિજ્ઞાન શીખવતાં પહેલાં મારે એક પ્રયોગ કરી જોવો છે. આપણે ભગાને શતરંજ શીખવીએ. એ કેવોક હોશિયાર બને છે તે જોઈએ.'

'ઉત્તમ વિચાર છે!' ગુપ્તા બોલ્યા, 'અને આ પઠ્ઠો જો શીખીને તૈયાર થઈ જાય તો નોવિકોફ સાથે એની મૅચ ગોઠવીએ.'

'નોવિકોફ?' ડૅવિડને વિમાનમાં વાંચેલા સમાચાર યાદ આવ્યા. 'નોવિકોફ અહીં ક્યારે આવવાનો છે?' એણે પૂછ્યું.

'પરમદિ' આખો દિવસ છે આ શહેરમાં જ હશે.'

મતલબ કે ભગાને શતરંજ શીખવવા માટે એક દિવસની અવધિ હતી.

નોવિકોફે PK4 રાજા સામેના પ્યાદાને બે ઘર ચલાવીને દાવ શરૂ કર્યો. ટૉસ જીતીને તેણે સફેદ મહોરાં પસંદ કર્યાં હતાં.

સામે કાળાં મહોરાં સંભાળતો ડૅવિડ બેઠો હતો. પણ ખરેખર રમવાનું કામ ભગો કરવાનો હતો. આ રમત ગોઠવવામાં એ બધાને કેટલી બધી દોડાદોડ થઈ પડી હતી ! પહેલાં તો ભડકમકરે જ વાંધો લીધો

ઈશાન (દિક્પાલ-૮)

પ્રફુલ્લ રાવલ

દિક્પાલ-વિભાવનામાં જે દેવો દિક્પાલ રૂપે પ્રચલિત થયા છે એમાં લગભગ બધા જ દેવોની અર્ચના એક કાળમાં સવિશેષ હતી. પરંતુ ઇન્દ્ર, અગ્નિ, યમ જેવા દેવોની અર્ચના કે પૂજા-વિધિ આજે માત્ર ગ્રંથોમાં સમાવિષ્ટ છે, અથવા કોઈક ખાસ ધાર્મિક વિધિ સમયે એનું સ્મરણ-પૂજન થાય છે.

દિક્પાલોમાં અંતિમ ઈશાનદેવ વિ-દિશા ઈશાનના દિક્પાલ છે. એમનું સ્વરૂપ શિવનું છે. તત્ત્વતઃ શિવનું અપરનામ જ ઈશાન છે. આ ઈશાન અર્થાત્ શિવની પૂજા-અર્ચના અતિ પ્રાચીન છે. લગભગ સમગ્ર એશિયા ખંડમાં, જ્યાં એક કાળે ભારતીય સંસ્કૃતિ અને ધર્મ ફેલાયાં હતાં ત્યાં શિવપૂજા વ્યાપ્ત હતી. શિવ વૈદિક કાળ પૂર્વેના અથવા અનાર્યોના દેવ ગણાય છે. (જુઓ : 'The age of Imperial Unity' – History and Culture of the Indian People, Vol. II, Edited by P. C. Majumdar; તથા 'A Survey of Indian History' by K. M. Panikkar.) આર્યોના આગમન પૂર્વે જે દેવોની અર્ચના થતી તેમાં શિવનું પ્રમુખસ્થાન હતું અને આર્યોમાં રુદ્રોપાસના હતી. પછી એ ઉભયનું એકત્વ થયું.

શિવના મહાદેવ, મહેશ્વર, શંકર, શંભુ, સદાશિવ, રુદ્ર, ત્ર્યંબક, નીલકંઠ, શર્વ ઇત્યાદિ અનેક નામોમાંથી 'શિવ' નામ અને તદન્વયે શૈવમત વિશેષ પ્રચલિત છે. શિવ અનાર્યોના દેવ હોઈ 'ઋગ્વેદ'માં તેનો ઉલ્લેખ નથી, પરંતુ 'રુદ્ર'નો ઉલ્લેખ અવશ્ય મળે છે. તેમ જ 'ત્ર્યંબકં યજામહે' એમ 'ત્ર્યંબક' નામનો ઉલ્લેખ મળે છે (૭-૫૧).

'રુદ્ર' અર્થાત્ અગ્નિ. અગ્નિ રુદ્રના અર્થમાં અનેક વાર પ્રયોજાયો છે. (જેમ કે 'અગ્નિર્વૈ રુદ્રઃ' – ૫-૩-૧૦, શતપથ બ્રાહ્મણ); 'અગ્નેષ સર્વોઽગ્નિઃ સંસ્કૃત સ એષોઽત્ર રુદ્રો દેવતા' (૯-૧-૧-૧, શતપથ બ્રાહ્મણ); 'અગ્નિર્વા રુદ્રઃ' (ઐતરેય બ્રાહ્મણ). અગ્નિને રુદ્રનું વીર્ય કહેવાય છે. તેથી જ રુદ્રનું નામ છે 'કૃશાનુરેતાઃ'. આગ્નેય વાયુને રુદ્ર કહે છે. 'રુદ્ર'નો અર્થ છે 'રડાવનાર' અથવા 'ભયંકર'. રુદ્રના બે રૂપ છે : ઘોર અને શિવ. રુદ્રોપાસના અને શિવોપાસના એક કાળે ભિન્ન હતી. આ સમય સંભવતઃ આર્યોના આગમનના પ્રારંભનો હતો. રુદ્રોપાસનામાં અગ્નિ અને રુદ્રનું સાયુજ્ય-એકત્વ છે. શિવોપાસનામાં

શિવ-ઇન્દ્રનું સાયુજ્ય-એકત્વ છે. એ ઉભયનું એકત્વ થતાં શિવ-રુદ્ર અભિનવ રૂપે પૂજાવા લાગ્યા. અતઃ રુદ્ર શિવમાં સમાવિષ્ટ થઈ જતાં શિવની અર્ચના થવા લાગી. એ સંહારકદેવ છે. ત્રિમૂર્તિ દેવની કલ્પના અસ્તિત્વમાં આવી તે પૂર્વે શિવ-રુદ્રનું એકત્વ થઈ ગયું હોવાનું એ કલ્પનામાં, શિવને સંહારકદેવ માન્યા છે તે પરથી પ્રતીત થાય છે.

'યજુર્વેદ' (૩-૬૧)માં રુદ્ર-શિવ એ ઉભય નામો એક અર્થમાં વપરાયેલાં છે. અગિયાર રુદ્ર સુપ્રસિદ્ધ છે. આમ તો શુક્લ યજુર્વેદ-સંહિતામાં અસંખ્ય રુદ્ર હોવાનું કહેવાયું છે. મહાભારત (અનુશાસન પર્વ), માંડૂક્યોપનિષદ, બૃહદારણ્યક ઉપનિષદ અને પુરાણોમાં અગિયાર રુદ્રોની કથા છે. ઈશાન અગિયાર પૈકીના એક રુદ્ર છે. 'અથર્વશિર-ઉપનિષદ'માં 'યો રુદ્રઃ સ ઈશાનઃ' અને 'ય ઈશાનઃ સ ભગવાન મહેશ્વરઃ' એમ રુદ્ર એ જ ઈશાનનું પ્રમાણ મળે છે. 'પુરુષસૂક્ત'ની જેમ આ ઉપનિષદ સમગ્રતયા શિવપરક છે. 'શ્વેતાશ્વતર ઉપનિષદ' પણ શિવપરક છે. ત્યાં રુદ્રને મહર્ષિ રૂપે ઓળખાવ્યા છે.

શિવપૂજાનું અતિ પ્રાચીન રૂપ લિંગપૂજા છે. 'ઋગ્વેદ'માં ઉલ્લેખિત 'શિશ્નદેવાઃ' એ જ લિંગોપાસના. લિંગપૂજાનો પ્રચાર પાશ્ચાત્ય દેશોમાં એટલો બધો વ્યાપક હતો કે તે લિંગાર્ચા અથવા Phallecism સંપ્રદાય નામથી ઓળખાતો હતો. જેમ આપણે ત્યાં 'લિંગાયત' સંપ્રદાય છે. વિશ્વના લગભગ મોટા ભાગના દેશોમાં એક યા બીજા પ્રકારે લિંગ-પૂજા થતી હતી. મોહેં-જો-દડોમાંથી પ્રાપ્ત શિવલિંગ લિંગપૂજાની પ્રાચીનતાને નિર્દેશે છે. વૈદિક સાહિત્યમાં શિવનું એક નામ 'પશુપતિ' મળે છે, જ્યારે 'વાયુપુરાણ'માં 'પાશુપતક્ષેત્ર'નો ઉલ્લેખ છે. શિવ યોગના પ્રવર્તક છે. મોહેં-જો-દડોમાંથી 'ધ્યાની શિવ'ની આકૃતિ મળી છે. શિવ સંહારક હોવા સાથે યોગવિદ્યા, નૃત્યવિદ્યા તેમજ અન્ય કળાઓના પ્રવર્તક મનાય છે. એમનું 'નટરાજ' નામ નૃત્યવિદ્યાને અનુલક્ષીને પડ્યું છે. એ નૃત્યના જનક-ભગવાન છે. (જુઓ 'The Dance of Shiva' by Ananda K. Coomaraswamy)

શિવનાં અનેકવિધ નામો પૈકી એક નામ 'ઈશાન' છે. લિંગમાં ઊર્ધ્વમુખ ઈશાન કહેવાય છે. દિક્પાલ શિવનું નામ ઈશાન છે. જેમ દિક્પાલ વિભાવનામાં કુબેરને સમાવિષ્ટ કરાયા તેમ જ શિવનો સમાવેશ થયો તે આર્યોની સમભાવવૃત્તિને નિર્દેશે છે. તત્ત્વતઃ આર્યોએ લોકપ્રચલિત દેવોનો સ્વીકાર કર્યો તે એમની સંવાદિતા સ્થાપવાની વૃત્તિનો પરિચય આપે છે.

અહીં રજૂ કરેલી દિક્પાલ ઈશાનની મૂર્તિ તારંગામાંથી મળેલો



તારંગાની ઈશાન-મૂર્તિ (ફોટો : પ્રફુલ્લ રાવલ)

એક અવશેષ છે. તેમાં જમણા હાથમાં અક્ષમાલા અને ત્રિશૂલ છે. જ્યારે ડાબા હાથમાં નાગ અને બીજોરું અથવા કળશ છે. રૂપમંડન (૨-૩૮)માં ઈશાનનો એક હાથ વરદમુદ્રામાં હોવાનું નોંધાયું છે. પ્રસ્તુત મૂર્તિમાં અક્ષમાલા સ્પષ્ટ દર્શાવેલી છે. અતઃ તે 'વિષ્ણુધર્મોત્તર' પ્રમાણે છે. ગળામાં મોતીની માળા અને માથે જટામુકુટથી શોભતી ભગવાન ઈશાનની આ મૂર્તિ બારમા સૈકાની હોય તેમ શિલ્પવિધાન પરથી સ્પષ્ટ થાય છે. જમણા નીચલા હાથની અક્ષમાલા નંદીને સ્પર્શે છે. નંદીના મુખ નીચે આરાધક છે, જ્યારે ડાબા હાથના નીચે ઉમા દેખાય છે. આ દિક્પાલની વિશિષ્ટતા એ છે કે ઉપરની બન્ને બાજુએ આકાશચારી માલાવાહકો છે.

દિક્પાલ ઈશાનની આ મૂર્તિ તારંગાના ઇતિહાસને અન્વયે વિશિષ્ટ અને મહત્ત્વની છે. બારમા સૈકાનો આ શિલ્પાવશેષ એ કાળે તારંગામાં શિવપૂજા થતી હોવાનું પ્રમાણ પૂરું પાડે છે. □

હતો. નોવિકોક વૈજ્ઞાનિક ન હતો એટલે એની મુલાકાતનો ખર્ચ બજેટના કયા ખાતામાંથી કરવો એની એમને મૂંઝવણ થએલી! આખરે ઇંડિયન ચેસ ફેડરેશને 'ખર્ચ અમે આપીશું' એમ લખી જણાવ્યા બાદ તેમણે હાથ હેઠા મૂકેલા. નોવિકોફ પોતે એક પથરા સાથે રમવા માટે કબૂલ ન હતો; પણ તે પથરા પછવાડે એક મોટું ભેજું છે એમ ખાતરી કરાવી ત્યારે તે રમવા તૈયાર થયો. 'સમયમર્યાદા'નો નિયમ પાળીને મૅચ રમાવી જોઇએ એવી તેણે શરત મૂકી હતી. એ જ શરત આગળ જતાં પોતાને નડશે એવી તેને કલ્પના પણ ક્યાંથી હોય!

ડૅવિડની પાસે જ કમ્પ્યૂટર ટર્મિનલ હતું. તેના દ્વારા નોવિકોફની ચાલ કમ્પ્યૂટરને જણાવવામાં આવતી. કમ્પ્યૂટર સાથે ભગાનું મગજ જોડેલું હતું. ભગાનો જવાબ કમ્પ્યૂટરમાંથી ટર્મિનલમાં થઇને ટર્મિનલના ટી. વી. સેટ ઉપર આવતો હતો. પહેલી વખત ભગાએ વિચાર કરવામાં સમય લીધો. ડૅવિડે નોવિકોફની અગાઉની કેટલીક પ્રખ્યાત રમતોની માહિતી તેને પૂરી પાડી હતી. તેનો વિચાર કરીને ભગાએ જવાબ વાળ્યો : PQB4

સિસિલિયન ડિફેન્સ! ડૅવિડને આશ્ચર્ય થયું. કારણ કે આ રક્ષણાત્મક પેંતરો નોવિકોફ સામે ખાસ ઉપયોગી નીવડેલો ન હતો. તેણે વજીર પાસેના ઊંટ આગળનું પ્યાદું બે ઘર આગળ ચલાવ્યું.

નોવિકોફના ચહેરા પર નિરાંતનું સ્મિત ફરકી ગયું.

તેણે રાજાની બાજુનો ઘોડો ઊંટ સામે આણ્યો—Kt-KB3

નોવિકોફને અપેક્ષા હતી કે ભગો વજીર આગળનું પ્યાદું એક ઘર આગળ સરકાવશે. ડૅવિડની પણ તે જ ધારણા હતી; પરંતુ ભગાએ રાજા આગળનું પ્યાદું એક ઘર આગળ સરકાવ્યું!...PK-3.

આ તો માત્ર શરૂઆત હતી. નોવિકોફની ધારણા પ્રમાણે ન રમતાં ભગો કોઈક અલાયદી જ પદ્ધતિ મનમાં રાખીને રમતો હતો. નોવિકોફે નવમી ચાલમાં કેસલિંગ કર્યું [કિલ્લેબંધી કરી] અને ભગાએ અગિયારમી ચાલમાં. થોડીક જ વારમાં નોવિકોફને સમજાઈ ગયું કે પોતાની શરૂઆતની આક્રમક રમતને હવે બચાવનું રૂપ આપવું પડશે. હવે તેને ચાલ વિચારતાં વધારે સમયની જરૂર પડવા લાગી. ભગો પોતાનો વારો આવે કે તરત જ પટ દઇને નિર્ણય લેવા લાગ્યો હતો.

ત્રીસમી ચાલ આવી ત્યારે નોવિકોફ પાસે ઊંટ અને ચાર પ્યાદાં, જ્યારે ભગા પાસે હાથી અને ત્રણ પ્યાદાં એમ લગભગ સમાન જોર હતું. પણ નોવિકોફ પાસે સાવ થોડો જ સમય બાકી હતો, અને તેમાં જ તેની ભૂલ થઈ!

વજીર બનાવવાના ઇરાદાથી તેણે પોતાના ઘોડાની હરોળના પ્યાદાને એકદમ બે ઘર આગળ દોડાવ્યું. ભગાએ તેના રસ્તામાં પોતાનું ઊંટની હરોળનું પ્યાદું ધર્યું. સફેદ પ્યાદાએ તે કાળા પ્યાદાને ખાઈ જઇને ઊંટની હરોળમાં પ્રવેશ કર્યો.

અને પેલી બાજુના હાથીની હરોળમાંના કાળા પ્યાદાનો વજીર બનવા માટેનો માર્ગ મોકળો બન્યો!

જાણકાર પ્રેક્ષકો દાંતમાં આંગળાં ઘાલી ગયા. સાદી પણ પ્રભાવી એવી આ આક્રમણની ચાલ હતી. પરંતુ તેમના કોઈના મનમાં એ સૂઝી નહોતી!

ત્યાર બાદ અગિયારમી ચાલ પછી નોવિકોફે પોતાની હાર સ્વીકારી લીધી. કારણ તેના સફેદ રાજાની મ્હાત અનિવાર્ય હતી.

'કૉન્ગ્રેચ્યુલેશન્સ ડૅવિડ! ભગાએ નોવિકોફને જબરી શિકસ્ત આપી'.

'નહીં તો વળી શું? એકની પાછળ બીજી એમ લગાતાર પાંચ મૅચ હારવાનો પ્રસંગ નોવિકોફને ક્યારે ય નહિ આવ્યો હોય.'

'અને શતરંજની આવી, નવી જ જાતની આક્રમક રમતની ઢબ મેં પણ કદી જોઈ નહોતી! ભગાના કાનમાં તેં કયો મંત્ર ફૂંકેલો?'

દરેક વૈજ્ઞાનિકોની મીટિંગ ભરાઈ હતી અને દરેક જણ ડૅવિડની પીઠ થાબડતું હતું. પણ ડૅવિડ ગંભીર હતો. એણે કહ્યુ, 'દોસ્તો, ભગાને મેં કોઈ મંત્ર શીખવ્યો નથી. તેને ફક્ત શતરંજના નિયમો કહ્યા; જીતવા માટે શું જરૂરી હોય છે તેનો ખ્યાલ આપ્યો અને તે માટે પ્રખ્યાત ખેલાડીઓએ કયાં ધોરણો અજમાવેલાં તેની માહિતી કેટલીક પ્રસિદ્ધ રમતોના આધારે જણાવેલી. તે પછી બધા જ નિર્ણયો ભગાએ પોતાની મેળે જ લીધા હતા.'

'ઉત્તમ શિષ્ય તૈયાર કર્યો ને શું!' પૅટ રાવ બોલ્યા.

'એની જ તો મને ચિંતા થાય છે. ભગો એટલો જલ્દીથી કોઈ પણ બાબત આત્મસાત્ કરી લે છે કે મને હવે તેની બીક લાગે છે. મારી તમને સૌને ચોખ્ખી સલાહ છે–ભગાનો નાશ કરી નાખો.'

ઓરડામાં સ્તબ્ધતા પથરાઈ ગઈ. ડૅવિડ આગળ બોલ્યો, 'સૃષ્ટિની રીત જ છે કે અધિક બુદ્ધિમાન પ્રાણી કમ બુદ્ધિના પ્રાણીઓ ઉપર પ્રભુત્વ જમાવે છે! આજ સુધી મનુષ્યોએ પોતાની બુદ્ધિના જોર પર પૃથ્વી પરનાં પ્રાણીઓ ઉપર, પક્ષીઓ ઉપર રાજ્ય કર્યું છે. ખુદ માનવ-સંસ્કૃતિમાં અનેક વેળા વિજ્ઞાન-યંત્રવિદ્યાના જોર પર અલ્પસંખ્ય પ્રજાએ બહુસંખ્ય પ્રજા પર રાજ્ય કર્યુ છે.'

'આ ભગો આપણા કરતાં એટલો અધિક બુદ્ધિવાન છે કે એક વાર આપણને મ્હાત કરવાનું એ જો મનમાં લેશે તો શક્ય તેટલા ડાયરેક્ટ (સીધા) માર્ગે તે સિદ્ધ કરશે. શતરંજની એવી મૅચ રમાય તે પહેલાં જ તેનો નાશ કરો!'

'પરંતુ આપણને તેની અક્કલનો ઉપયોગ કરતાં નહિ આવડે? કમ્પ્યૂટરોએ તો માણસજાતને એટલો બધો ફાયદો કરાવી આપ્યો છે.' પૅટ રાવે કહ્યુ.

'પૅટ! તું એક મહત્ત્વની વાત ભૂલી જાય છે. ભગો કાંઈ કમ્પ્યૂટર નથી. કમ્પ્યૂટર જાતે વિચાર કરતું હોતું નથી. આપણે બધાં કામ ચોક્કસ રીતે ચીંધી બતાવીએ તો તે કહ્યાગરાની પેઠે બધું કરી નાખે. તેનાથી ઊલટું આ ભગો તો જાતે જ વિચાર કરે છે. હમેશાં તે આપણા ભલા માટે જ વિચારશે એવું નક્કી નથી. એટલે એ ભાંજગડમાં ન પડતાં તેનો નાશ કરી નાખો.'

'એ જ તો શક્ય લાગતું નથી ને!' શાંત અવાજે જ્હૉન ફ્લૅમિંગે જવાબ દીધો, 'છેલ્લા બેત્રણ દિવસથી પૅકર અને હું આની પર–મતલબ કે આના ટુકડા પર–અનેક પ્રયોગો કરતા આવ્યા છીએ. તેને ભઠ્ઠીમાં નાખી જોયો છે; તેનામાંથી એક લાખ વૉલ્ટનો વીજળી પ્રવાહ પસાર કરી જોયો છે; તેને દબાણ હેઠળ મૂકી જોયો, શૂન્યાવકાશમાં મૂકી જોયો–કેટલી યે જાતના અખતરા કર્યા. પહેલાં લાગે કે જાણે નાશ પામે છે, મતલબ કે ચીમળાએલો અથવા ભૂકો થઈ ગએલો અથવા મરી ગયા જેવો શાંત જણાય, પણ થોડી જ વારમાં એ પાછો પુનર્જીવન પામે છે!'

'અને તેના ટુકડા કરીએ તો યે તેના પ્રત્યેક ભાગમાં જીવનશક્તિ જોવા મળે છે.' પૅકર બોલ્યા 'અમે આ ટુકડો તપાસવા લીધો હતો. તેના ઝીણાઝીણા ભાગ કર્યા, છતાં દરેક ભાગમાં મગજની ક્રિયાશક્તિ જોવા મળી. તેવી જ રીતે એકાદ ભાગને બાળ્યો કે વીજળીનો શૉક આપ્યો તો પણ તેનું નવજીવન થતું જ રહ્યું. પૃથ્વી પરની જીવસૃષ્ટિ માટે હજુ સુધી શક્ય નથી બન્યું તે આ જીવનસૃષ્ટિના નમૂનામાં જોવા મળે છે.'

આમ પુષ્કળ ચર્ચા થઈ. આ નવા પ્રકારની જીવનસૃષ્ટિ તપાસી જોવી અને તેમાંથી આપણને ઉપયોગી કશું જડી આવે કે નહિ તે જોવું એવો ફ્લૅમિંગનો વિચાર હતો. પરંતુ ડૅવિડે તેનો સજ્જડ વિરોધ કર્યો: 'માત્ર બૅક્ટેરિયા અથવા એકાદ નિમ્ન સ્તરની જીવસૃષ્ટિનો નમૂનો હોત તો મેં ના પાડી ન હોત; પણ આ નમૂનો જુદો જ છે. આ એક વિચારક્ષમ પ્રાણી છે. આપણા કરતાં અનેકગણી રીતે આગળ વધેલું છે. શતરંજમાં તેણે જે શીઘ્ર ગતિથી નિપુણતા હાંસલ કરી તે પરથી સાબિત થયું છે કે આ ભગો શીખવવાથી ઝટપટ હોંશિયાર બને છે. આવડી મોટી બુદ્ધિમત્તાનું સ્વાગત કરવા માટે આપણે, એટલે કે આપણી માનવજાત હજુ તૈયાર થઈ નથી.'

'એકાદ જંગલી કોમ કોઈ આગંતુક સુસંસ્કૃત પ્રત્યે દેખાડે એવી શંકાવૃત્તિ તું બતાવે છે.' ફ્લૅમિંગે કહ્યું.

'ઉપમા બરોબર છે,' ડૅવિડ બોલ્યો. 'નવા આવનાર ગોરી ચામડીવાળાઓએ રેડ ઇન્ડિયનો પાસેથી અમેરિકા ખંડ હસ્તગત કરેલો તે શાના જોર પર? તેમની પાસે યંત્રવિદ્યાની શ્રેષ્ઠતા હતી અને તેનો ઉપયોગ પોતાના સામ્રાજ્યવાદી ધોરણો મુજબ કરવાની પાત્રતા હતી. ભગા પાસે હજુ સુધી 'હેતુ' જેવું કદાચ કાંઈ નહિ હોય, પણ તે તેના મનમાં સ્ફુરે તે પહેલાં તેને ફંગોળી દેવો જ સારો!'

'ફંગોળી દેવો?' પૅટ રાવે પૂછયું.

'નહિ તો વળી શું? આપણે એનો નાશ તો કરી શકવાના નથી. તો પછી એને આવ્યો હતો તે રસ્તે જ પાછો મોકલી દેવો–કાંઈ બીજા હોહા કર્યા વગર જ.'

લાંબી ચર્ચાને અંતે વૈજ્ઞાનિકોને ડૅવિડની વાત ગળે ઊતરી. માત્ર રાવના મનમાં કંઈક ન સમજાય તેવા કારણે આ નિર્ણય બાબત શંકા હતી. પરંતુ તેમણે ભગાને મોકલી દેવામાં સંમતિ આપી. આખરે ચર્ચાની સમાપ્તિ ભડકમકરે કરી.

'એકાદ મિટીઓરાઇટને દેશની બહાર મોકલવા માટે યે કેટલાય પરવાના કઢાવવા પડે છે, જ્યારે આપણે તો ભગાને પૃથ્વીની બહાર મોકલવાના છીએ. એ માટે ઉચ્ચ કક્ષાએ દોરીસંચાર કરવો પડશે. પરંતુ તમારી કમિટીએ જો એવો નિર્ણય લીધો હોય તો તેની

મિનિટ્સ [નોંધ] મને મોકલો. બાકીનો કારભાર હું સંભાળી લઈશ. અને હા, ભગાને પૃથ્વી બહાર મોકલવાનો છે કેવી રીતે? એને કેટલો વખત લાગશે?'

'હું 'ઈસરો' [ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન]નો સંપર્ક સાધું છું. મને લાગે છે કે રૉકેટની જરૂર પડશે; પણ ભારણ બહુ નહિ હોય તો બે મહિનામાં કામ થઈ જશે.' શીંગદાણો મોંમાં મૂકતાં પૅટ રાવ બોલ્યા.

પરદેશી વૈજ્ઞાનિકો પોતપોતાને વતન પાછા ફર્યા. ભડકમકર 'હાઇ-લેવલ'ના લોકોને મળીને પરવાનગી મેળવવાના કામમાં લાગ્યા. ભગો માત્ર હતો ત્યાં જ કડક બંદોબસ્ત હેઠળ રહ્યો.

રાવ વચ્ચેવચ્ચે આવીને ભગાને જોઈ જતા - તેનામાં કાંઈ પરિવર્તન થાય છે કે નહિ તેની નોંધ લેવા માટે. પરંતુ તેનામાં કોઈ ફેર પડતો દેખાતો નહિ. તે એક કાચની પેટીમાં બંધ હતો, અને તેના પર એક કાળું આવરણ હતું.

માત્ર આજે રાવને કંઈક ફેરફાર જણાયો. રાબેતા મુજબ તે ઓરડામાં આવ્યા તો ભગા ઉપરનું આવરણ ખસી પડેલું હતું અને એક બંધ બારીની ફાટમાંથી આવતું સૂર્યનું કિરણ તેના ઉપર પડતું હતું. એટલાથી જ ભગામાં એક પ્રકારની તાજગી આવેલી દેખાતી હતી.

રાવે આવરણ બાજુએ કર્યું. મનમાં કશોક વિચાર આવવાથી તેમણે બારી ઉઘાડી. પ્રખર સૂર્યપ્રકાશમાં ભગો નહાઈ ઊઠયો.

રાવને યાદ આવ્યું: ભગાની કાર્યક્ષમતા પ્રકાશથી વધે છે. તે જ્યારે પૃથ્વી ઉપર રાત્રે આવ્યો ત્યારે ચીમળાએલો હતો; વીસાપુરથી તેમની પાસે આવતાં સુધી તે મોટાભાગનો વખત ઢંકાએલો જ હતો, પરંતુ ખુદ વીસાપુરમાં બીજા દિવસે તે થોડો સમય ઉઘાડો હતો અને તેટલા સમયમાં જ તેનું નવસંસ્કરણ થઇ ગએલું!

'બિટમજીને સૂર્યપ્રકાશ માફક આવતો લાગે છે!' રાવ બબડયા. વળી પાછો કશોક વિચાર તેમને સતાવવા લાગ્યો. તે ભગા તરફ તાકી રહ્યા.

ભગાની સપાટી અદ્‌ભુત રીતે ચળકતી હતી. અને તે જરાતરા ઊંચીનીચી થતી હોય તેવું પણ તેમને લાગ્યું

તેમનું માથું દુ:ખવા લાગ્યું. ભગો જાણે પોતાની તરફ તાકીને જોઈ રહ્યો છે એવું તેમને લાગ્યું.

'છટ્‌ છટ્‌! આ મારું કેવું ગાંડપણ! ભગાને વળી આંખો જ ક્યાં છે?' તેમને પોતાની જાતને જ ઠપકો આપ્યો. પરંતુ પોતે હિપ્નોટાઈઝ થતા હોય એમ જાણે લાગ્યું.

જેમતેમ કરીને એ બારી પાસે ગયા અને બારી વાસી દીધી. ભગા ઉપરનું આવરણ નાખવા તેના તરફ વળ્યા અને ક્યારનો મનને સતાવતો તે વિચાર સ્પષ્ટ થયો. આવરણ ઢાંકી દઈ તે ઝટ ફોન બાજુ ગયા. ભડકમકરનો નંબર જોડયો હતો; પરંતુ તે પહેલાં જ તે બેહોશ થઈ ગયા.

રાવ બે અઠવાડિયાં બેશુદ્ધ રહ્યા. કેટલો યે વખત તે ઊંઘમાં બબડવા જેમ કંઈક બોલતા, પણ તેમાં કોઇને કશું સમજાતું ન હતું. આખરે ભાનમાં આવ્યા પછી ડૉક્ટરોએ તેમને અનેક પ્રશ્નો પૂછ્યા. મથરાની પણ પાસે જ ઊભા હતા. પરંતુ રાવને કશું જ યાદ આવતું નહોતું.

બીજાં બે અઠવાડિયાં ફક્ત તેમની યાદદાસ્ત જાગ્રત થવામાં ગયાં. તેમને ભગો યાદ આવ્યો, પણ પોતે શાથી બેશુદ્ધ થયા તે યાદ આવતું ન હતું. પોતે બેભાન અવસ્થામાં મળી આવ્યા ત્યારે ત્યાં ખાસ કાંઈ મળી આવેલું ખરું એવું તે પૂછ્યા કરતા હતા, પણ એ પ્રશ્નોનો કોઈ સમાધાનકારક જવાબ મળ્યો નહિ. માત્ર તેમની બીમારીને ભગા સાથે સંબંધ હશે તેમ ભડકમકરનું અનુમાન હતું, અને એટલે તેમણે ભગાને તેમનાથી દૂર એક સેફ ડિપૉઝિટ વૉલ્ટમાં જ બંધ કરી મૂક્યો હતો. ભગાના ઊડવાની તારીખ નજીક આવતી હતી.

રાવ એક લૅક્ચર સાંભળતા બેઠા હતા. સેમિનાર ખંડમાં ગાઢ અંધારું હતું; કારણ કે વક્તા થોડી સ્લાઇડો બતાવતા હતા. એટલામાં એક મોડા પડનાર શ્રોતા બારણું ખોલીને અંદર દાખલ થયા. તેમણે માંડ દસ સેકંડ બારણું ખોલ્યું હશે, પણ તેટલીવારમાં બહારનો પ્રકાશ અંદર પર્દા પર પડ્યો. બધાને ખલેલ પડી—પરંતુ રાવસાહેબ બે હાથે સજ્જડ માથું દબાવતા ઊભા થઈ ગયા.

તેમના ભેજામાં પ્રકાશ પડ્યો હતો!

દોડતાદોડતા એ લૅક્ચર-રૂમમાંથી ભડકમકર પાસે ગયા. ભડકમકર ફોન પર કોઈની સાથે વાત કરતા હતા. ઈશારાથી જ એમણે રાવને બેસવાનું કહ્યું.

'થૅન્ક-યુ વેરી મચ ફૉર યોર કો-ઑપરેશન! આઈ વિલ મેન્શન ઈટ ટુ ધ ચેરમૅન. ઍન્ડ વિશ યોર ફ્લાઈટ એવરી સક્સેસ.' (તમારા સહકાર બદલ આભારી છીએ. હું પ્રમુખ પાસે પણ આનો જરૂર ઉલ્લેખ કરીશ. અને હા, તમારા ઉડ્ડયનને સફળતા ઇચ્છું છું.)

ફોન મૂકીને તેમણે રાવ સામે જોયું. તેમના ચહેરા પર નિરાંત હતી; પરંતુ રાવસાહેબના હાવભાવ જોઇને તેમણે ચિંતાથી પૂછ્યું, 'વ્હૉટ ઈઝ ધ મૅટર, પૅટ?' (શી વાત છે પૅટ?)

'ભગો...એ ક્યાં છે? મોકલશો નહિ એને પૃથ્વી બહાર.' રાવ ઉત્તેજનાભર્યા સાદે બોલ્યા.

'કેમ, શાથી?' ભડકમકરે શાંતિથી પૂછ્યું.

'મને હમણાં જ યાદ આવ્યું કે હું કેમ બેભાન થઈ ગએલો. ભગાના અંગ પર સૂર્યપ્રકાશ પડ્યો તે મેં જોયું. તેનામાંનો જીવ સૂર્યના પ્રકાશથી જાગી ઊઠે છે—તેને તેમાંથી ઉર્જા મળે છે. તેને પૃથ્વી બહાર મોકલવો તે નરી મૂર્ખામી જ થશે. પૃથ્વીના વાતાવરણ બહારના નિર્મળ સૂર્યપ્રકાશમાં તો તે અત્યંત શક્તિશાળી બની જશે....

'બેભાન થતાં પહેલાં મારા મનમાં એવો વિચાર આવેલો કે આ એકાદ જાસૂસ તો ન હોય? ક્યાંક દૂરથી આવ્યો અને આપણી પૃથ્વી પર ઊતર્યો. આપણું કૌવત તેણે જાણ્યું છે; હવે એ માહિતી તે જ્યાંથી આવ્યો છે ત્યાં શું કામ ન પહોંચાડે? કદાચ પૃથ્વીના પટ ઉપરથી તે પોતાનો સંદેશો મોકલી શક્યો ન હોત, કારણ તેનામાંથી માઇક્રોવેવ તરંગો નીકળતા હતા અને એ તરંગો વાતાવરણની બહાર જઈ શકતા નથી. પણ જ્યારે આપણે જ તેને બહાર મોકલી આપીએ છીએ ત્યારે એનું તો બધું કામ પતી ગયું! એ કરતાં તો એને પૃથ્વીમાં ભંડારી રાખેલો જ સારો!

'પરંતુ આવો વિચાર મનમાં આવતાંની સાથે જ મને ઘેન ઘેરી વળેલું. મને લાગે છે, ભગાએ જ મારા વિચાર કળી જઇને મને ઘેનમાં નાખ્યો હશે. ચાલો ઝટ 'ઈસરો'ને ફોન કરીને ફ્લાઈટ કૅન્સલ કરાવો.'

રાવ સપાટાબંધ પોતાના વિચાર દર્શાવતા હતા, પણ ભડકમકર સાવ શાંત હતા.

'મને લાગે છે તમે વિજ્ઞાનકથાઓ બહુ વાંચી છે! અરે, હરીફરીને હતો તો પથ્થરનો ટુકડો! તેનાથી કેમ આટલા ગભરાઓ છો? જો કે ફ્લાઈટ કૅન્સલ કરવાનો કોઈ ફાયદો નથી. એ તો ક્યારની રદ થઇ ગઈ છે.'

'તો પછી ભગો ક્યાં છે?'

ભડકમકરે પોતાના ટેબલ ઉપર પડેલો ટેલેક્સ સંદેશો રાવના હાથમાં મૂક્યો:

Bbaga to be carried in Space-lab-7 today.

(ભગાને આજે સ્પેસલૅબ-૭માં લઈ જવામાં આવનાર છે)

ટેલેક્સ 'ઈસરો'માંથી હતો. તારીખ ગઇ કાલની હતી. રાવના ભેજા-માં કાંઈ સમજાતું ન હતું. ભડકમકરે ખુલાસો કર્યો : 'તમારી યોજના મુજબ સ્પેશિયલ રોકેટ દ્વારા ભગાને મોકલવામાં ખર્ચ પુષ્કળ લાગત, અને એનો ખાસ્સો એવો હિસ્સો આપણી લૅબોરેટરીને ભોગવવો પડત. ગઈ કાલે એક સ્પેસલૅબ મિશન જવાનું હતું ને તેમાં પે-લોડ માટે અવકાશ હતો: મેં તુરત જ ફાઈનલાઈઝ કર્યું કે ભગાને એમાં મોકલવો. સ્પેસલૅબ મિશનના ઍસ્ટ્રૉનોટ તેને અવકાશમાં છોડી મૂકશે.'

પોતે કેટલી 'બચત' કરી તેનો સંતોષ ભડકમકરના ચહેરા પર ચમકતો હતો. પરંતુ રાવનું ધ્યાન તેમાં ન હતું. તેમણે પૂછ્યું. 'ફોન કરીને પૂછી જુઓ - ફ્લાઈટ ગઇ છે કે કદાચ હજી ન પણ ગઇ હોય.'

'ઇસરો'માંથી મારા પર હમણાં એ જ ફોન હતો. ઍસ્ટ્રૉનોટ્સે પોતાનું કામ પતાવ્યું છે. તમે મારી ઑફિસમાં આવ્યા ત્યારે હું તેમની સાથે જ વાત કરતો હતો.'

રાવે કપાળે હાથ ઠોક્યો.

'સ્પેસલૅબ-૭'માંથી 'ઇસરો' પર સંદેશો આવતો હતો : 'હું ઍસ્ટ્રૉનોટ-૧ બોલું છું. ઍસ્ટ્રૉનોટ-૨ એ હમણાં જ ભગાને બહાર અવકાશમાં છોડયો છે.

'હવે તેનામાં અસામાન્ય પરિવતન થતું જાય છે. સૂર્યનાં કિરણ પડવાથી ને અત્યંત ચળકે છે. એટલો પ્રખર કે અમે તેના તરફ નજર પણ માંડી શકતા નથી.

'અરે! અમારાં માઇક્રૉવેવ ડિટેક્ટર (સૂક્ષ્મતરંગો પકડનારાં) યંત્રો ખૂબ જ સક્રિય બનેલાં જણાય છે. આ કિરણો પેલા ભગામાંથી જ નીકળે છે. કિરણો સપ્તર્ષિ નક્ષત્રની દિશામાં છોડવામાં આવતાં જણાય છે. અમે તે દિશામાં જઇએ તો અમારાં ડિટેક્ટર યંત્રો બંધ જ પડી જાય એટલે અમે એ દિશા ટાળીને જ સ્પેસશિપ હંકારીએ છીએ...' □

અનુસંધાન] **સુબ્રહ્મણ્ય ભારતી** [પૃષ્ઠ ૪થી

ટાણે પણ પેન્શન રૂપે તેમને મદદ મળતી રહી હતી. પુનઃ એમણે મદ્રાસમાં સભાઓ ભરીને માનવમતને જાગ્રત કરવાનો પ્રારંભ કર્યો હતો. પરંતુ હવે હવામાન બદલાઈ ગયું હતું. ક્રાંતિની વાત લોકોને જચતી નહોતી. અને લોકમાનસનો આ પલટો પારખનાર કદાચ ભારતી જ પ્રથમ સ્વાતંત્ર્ય-સેનાની હતા. મહાત્મા ગાંધીએ જે અહિંસા અને સત્યનો પાછળથી વિનિયોગ કર્યો તેની જાણ ભારતીને અગાઉથી થયેલી.

ભારતીએ પોતાની કવિતામાં શિવાજી અને ગુરુ ગોવિંદસિંહનું સ્મરણ કર્યું છે. લાલા લજપતરાય, ટિળક, ગાંધીજી આદિને ઉદ્દેશીને કે સ્મરીને કે જીવનચરિત્રાત્મક કવિતા પણ ભારતીએ રચી છે. ઈ. સ. ૧૯૧૯માં રાજાજીના નિવાસસ્થાને મહાત્મા ગાંધી સાથે એમની મુલાકાત થઈ. ગાંધીજીનો પ્રભાવ ભારતીએ ઝીલ્યો હતો તો ભારતીની પ્રખર રાષ્ટ્રીયતાએ ગાંધીજીને મુગ્ધ કરેલા. 'તમારે સહુએ એમનું રક્ષણ કરવું જોઇએ' એ ગાંધીજીએ રાજાજીને કહેલું વાક્ય ભારતી તરફના માનનું દ્યોતક છે. 'ગાંધી-પંચકમ્'ની પાંચ કવિતાઓમાં ભારતીએ ગાંધીજી પ્રત્યેનો પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો છે.

ઈ. ૧૯૨૦થી ભારતી મદ્રાસમાં રહેવા લાગ્યા. નિભાવની વિટંબણા ટળી હતી, પરન્તુ સ્વભાવે જ ઉદાર ભારતી કાયમ ખેંચમાં રહેતા હતા. ઘરમાં અનાજ કે જીવનજરૂરી ચીજવસ્તુ ન હોય તોપણ ભારતીની સહૃદયતા એટલી જ રહેતી. એવા પણ પ્રસંગો જીવનમાં બનેલા કે પત્ની ચેલ્લમ પાસે પહેરવા સાડી ન હોય અને ભારતી પુસ્તકો ખરીદવામાં નાણાં વાપરતા હોય. પરંતુ ચેલ્લમે ક્યારેય પતિ પ્રત્યે રોષ દાખવ્યો નથી. આવી આર્થિક પરિસ્થિતિમાં પણ મદ્રાસના પાર્થસારથિ મંદિરની મુલાકાત એમનો રોજિંદો કાર્યક્રમ હતો. મંદિરના એક હાથી પર એમને અનહદ પ્રેમ હતો. એ હાથીને તેઓ અવારનવાર પ્રેમથી નાળિયેર અને અન્ય ફળો ઇત્યાદિ ખવરાવતા. પણ જૂન ૧૯૨૧ના એક દિવસે એ હાથી ઉન્મત્ત થઈ ગયો. ભારતીને એણે સૂંઢથી ઉપાડીને ભોંય પર પટકી દીધા. ત્યારથી ભારતીને પથારીવશ રહેવું પડ્યું. અને ૧૧ ડિસેમ્બરે ભારતના એ મહાન કવિએ આપણી વચ્ચેથી વિદાય લીધી. ઊંડી દેશભક્તિભરી રાષ્ટ્રીયતા અને ક્રાંતિકારી વિચારો ધરાવનાર તમિળના એ સમાજસુધારક ઊર્મિકવિએ જીવનમાં વીતાવેલા કપરા દિવસોમાં યે પોતાની જાતથી પણ દેશને કેટલો વિશેષ ચાહ્યો છે તેની પ્રતીતિ કરાવે છે. એમનાં પત્ની ચેલ્લમ્મનું મૃત્યુ ઈ. સ. ૧૯૫૫માં થયેલું. કવિએ તો ભારતને આઝાદ થયેલું ન જોયું, પરંતુ પત્નીએ પતિની ભાવનાને સાકાર થએલી જોઇને જરૂર સંતોષ માન્યો હશે. કવિ હોવા સાથે પ્રખર વિચારક અને સુધારક હોઈ પ્રકાશનો દ્વારા ભારતની પ્રજાને જાગ્રત કરવાનો વિચાર ભારતીને ઘણો વહેલો આવેલો. તમિળની પરંપરામાં સુબ્રહ્મણ્યને કવિ ગણીએ તો એ અર્વાચીન તમિળ કવિતાના આદ્ય કવિ છે, પરન્તુ એથી યે વિશેષ એ તમિળ સંસ્કૃતિના ગાયક-નાયક છે. પણ એમની કવિતા સાંસ્કૃતિક પ્રવાહની કવિતા છે. એમને ક્યારેય પ્રાદેશિકતા સ્પર્શી નથી. એમની વિચારધારાનું મૂળ છે સંપૂર્ણ ભારતીયતા. જાતિ, જ્ઞાતિ, વર્ગનો વિચાર એમનાથી ખૂબ દૂર હતો, રૂઢિના એ વિરોધી હતા. સ્ત્રીઓને પુરુષ સમાન અધિકાર હોવા જોઇએ તેના તેઓ હિમાયતી હતા, પુનર્લગ્ન કે વિધવાવિવાહના પુરસ્કર્તા હતા. ભારતીની સાંસ્કૃતિક દૃષ્ટિ સાથે એમની શિક્ષણવિષયક દૃષ્ટિ પણ ખાસ્સી ઊંડી હતી. પ્રત્યેક રાજ્યની પ્રજાને ભારતીય જીવનની દેણ આપી શકે તેવી શિક્ષણની વિભાવના એમણે સેવેલી. ભાસ્કર કે શંકરાચાર્યનું જ્ઞાન ન આપી શકે તે શિક્ષણ એમને મન નિરર્થક હતું. જ્ઞાતિવાદના એ સખત વિરોધી હતા. હરિજનના એક છોકરાને એમણે જનોઈ પણ અપાવેલી. અસ્પૃશ્યતામાં એ માનતા નહોતા.

સુબ્રહ્મણ્ય ભારતીએ કાવ્યસેવન કર્યું છે, પણ ગદ્યથી એ સાવ વંચિત નથી. 'જ્ઞાનરથમ્' એમની ઉત્તમ ગદ્યકૃતિ છે. પરન્તુ ભારતીની પ્રતિભા તો છે ઊર્મિ કવિની. એમનાં ગીતો અર્વાચીન તમિળ સાહિત્યના વિકાસનું પગથિયું છે. તમિળો ભારતમાતાને શક્તિ રૂપે જુએ છે અને આરાધે છે. રાષ્ટ્રીય જાગરણની આબોહવામાં તમિળનાં ગીતોનો ફાળો મોટો છે, અને ભારતી એ રાષ્ટ્રીય ગીતોના પ્રથમ ગાયક છે. આપણા સ્વ. મેઘાણીની જેમ પ્રભુએ એમને સારો કંઠ આપ્યો હતો. એ કવિતા રચતા, અને ગાતા પણ ખરા. ભારતીની કવિતામાં દેશગૌરવ અને ભક્તિભાવ મુખ્ય તો છે જ, સાથોસાથ પ્રકીર્ણ રચનાઓ પણ છે.


ભારતીની દેશગૌરવ-દેશાભિમાનની કવિતા માત્ર તત્કાલ પૂરતી મર્યાદિત ન રહેતાં આજે યે એ નિરંતર પ્રેરણા આપી રહે છે તે એમની કાવ્ય-પ્રતિભાનું નિદર્શન પૂરું પાડે છે. એમનાં ભક્તિકાવ્યોમાં શક્તિ – પરાશક્તિ કેન્દ્રસ્થાને છે. એમાં રહસ્યવાદ ગોપિત છે. શ્રીકૃષ્ણને પણ એમણે માતૃદેવી રૂપે કલ્પીને ગીતો રચ્યાં છે. એમનાં ભક્તિગીતો તામિલનાડુમાં આજે યે ગવાય છે. વળી, એમનું કવન પ્રકૃતિ, પ્રેમ અને અંગત ઊર્મિના આવિષ્કારથી પણ વંચિત નથી જ. એમની કવિતાનું અધ્યયન પણ તમિળ અને અંગ્રેજી ભાષામાં ખૂબ થયું છે. બાળકો માટે પણ એમણે ગીતો રચ્યાં છે.

આમ, મહાકવિની પ્રતિભા ધરાવનાર એ પ્રખર રાષ્ટ્રવાદી, સમાજ-સુધારક અને તમિળ સાહિત્યના અગ્રણી કવિની જન્મ-શતાબ્દીનું આ વર્ષ એમના કવન અને જીવન દ્વારા આપણાંમાં પ્રેરણા પૂરી રહે એવી અભિલાષા યથાર્થ ગણાશે. □



ગરમાળો

પવનકુમાર જૈન



ગરમાળો તો આપણું ઠીકઠીક-પરિચિત વૃક્ષ છે. ડુંગરાળ પ્રદેશમાં એ કુદરતી રીતે ઊગે છે, પણ છાયા અને શોભા માટે શહેરી માર્ગોની બંને બાજુએ તથા બગીચાઓમાં પણ એ ખાસ ઉગાડાય છે. બાહવા, ગરમાલ, ગિરિમાલ, ચીમકની એ એનાં મરાઠી નામ. હિન્દીમાં અમલતાસ ને ગીરમાલા, સંસ્કૃતમાં રાજતરુ, કૃતમાલક અને અંગ્રેજીમાં 'ઇન્ડિયન લૅબરનમ' કે 'પુડિંગ પાઈપ ટ્રી' તરીકે આ વૃક્ષ ઓળખાય છે. Cassia Fistua Linn. એ તેનું શાસ્ત્રીય નામ.

સાતથી દસેક મીટર ઊંચા ઊગતા આ વૃક્ષના ટૂંકા થડ ઉપર સીધી ઊભી અનેક શાખાઓ ફેલાતી જોવા મળે છે. તેનાં પાન સંયુક્ત હોઇ વેંત-દોઢવેંત લાંબી પાતળી ડાંખળી ઉપર સામસામાં છથી આઠ જોડમાં ઊગે છે. તેનો રંગ ઘેરો લીલો તથા આકાર ટોચેથી સહેજ અણિયાળો હોય છે. આ પાનનાં મૂળ એટલાં કાચાં હોય છે કે સહેજ દબાણ આપતાં તે તુરત ડાંખળીથી છૂટું પડી જાય છે. પાનખરમાં આ બધાં પાન ખરી જઇ ઉનાળો બેસતાં—ચૈત્ર-વૈશાખમાં ફરી નવાં ઊગે છે, અને એ જ અરસામાં ગરમાળાનાં ફૂલ પણ ખીલવા માંડે છે. ગરમાળાનાં પાન ચાવવામાં ચવ્વડ અને એની ગંધ ઉગ્ર તથા તેનો સ્વાદ ચરપરો ને સહેજ તૂરો લાગે છે.

પણ ગરમાળાનું ખરું આકર્ષણ તો છે એનાં ફૂલ. માર્ચથી જૂન દરમિયાન પૂર બહારમાં હોય ત્યારે નીચે ઢળતાં અર્ધાએક મીટર લાંબાં ઝૂમખાંમાં ખીલેલાં સંખ્યાબંધ પીળાં ફૂલોની રંગભભકથી સમગ્ર વૃક્ષ છવાઈ જાય છે. ગરમાળાનાં ફૂલને મૂળમાં સાંકડી ને ટોચે ગોળાઇ લેતી પાતળી પાંચ પાંખડી હોય છે. એ પાંચેય પાંખડી આકારમાં સરખી પણ કદમાં નાનીમોટી હોય છે. નવાં પાનની હરિયાળી ચમક અને ફૂલની રંગભભકથી વૃક્ષ અત્યંત સોહામણું લાગે છે.

આ પછી ગરમાળાની શીંગો આવે છે. આવે ત્યારે લીલી પણ પછી તપખીરી બની જેમજેમ પાકતી જાય તેમતેમ તેનો રંગ વધુ ઘેરો બનતો જાય છે. લગભગ અઢી સે.મી.ની એક સરખી જાડાઇવાળી આ શીંગો બંને છેડે અણિયારી તથા અર્ધાથી એક મીટર જેટલી લાંબી થાય છે. ફૂલો ખરી જઇ જ્યારે આ શીંગો જ રહે છે ત્યારે વૃક્ષ પર પાતળાં વેલણો લટકાવ્યાં હોય તેવો દેખાવ બની રહે છે. આ શીંગોની અંદર પાતળા પર્દા વડે અનેક-ખાનાં પડે છે આ પર્દાઓ પર કાળો ચીકણો ગર ચોંટચો હોય છે જેને ગરમાળાનો ગોળ પણ કહે છે. એ ગરની અંદર ગરમાળાનાં બીજ હોય છે. પાકીને સુકાઈ જાય ત્યારે હલાવવાથી શીંગની અંદર આ બીયાં ઘૂઘરાની જેમ ખખડે છે.

ગરમાળાનો ઉપયોગ વિવિધ ચિકિત્સાઓમાં થાય છે :

૧. કાકડા સોજી જઇ ખાતાંપીતાં ગળામાં ખૂંચતું હોય તો ગરમાળાની છાલનો ઉકાળો કરી કોગળા કરવાથી આરામ થાય છે. આ માટે દસેક ગ્રામ ગરમાળાની છાલ લઈ તેને તેનાથી સોળ ગણા પાણીમાં ઢાંકચા વિના ધીમા તાપે ઉકાળવી. જ્યારે લગભગ પોણા ભાગનું પાણી બળી જાય ત્યારે તેને તાપ પરથી ઉતારી લઇ ઠરવા દેવું. ઠરી ગયા પછી એને ગાળી લઈ તેનો મોટો ઘૂંટ મોંમાં ભરી ડોક ઊંચી કરી તે કાકડાને અડે એ રીતે ખખળાવીને કોગળો કરવો. દર બબ્બે કલાકે આ રીતે કોગળો કરવો, પણ બેએક દિવસમાં આથી ફેર પડે નહિ તો દાક્તરની સલાહ લેવી.

૨. શરીર પર પડેલા ઘા-વ્રણ રુઝાતો ન હોય તો દસેક ગ્રામ ગરમાળાનાં પાનના ઉપર મુજબ બનાવેલા ઉકાળા વડે સવાર-સાંજ ઘાને ધોવો ને પછી સ્વચ્છ રૂ વડે સાફ કરવો. અસર વરતાય તો આ પ્રયોગ રુઝ આવે ત્યાં સુધી લંબાવવો.

૩. પેટમાં કૃમિ-કરમિયા હોય તો વીસ ગ્રામ ગરમાળાનો ગોળ અને પાંચ ગ્રામ વાવડિંગનો ભૂકો લઈ સોળ ગણા પાણીમાં નાખી તેનો ઉકાળો-ક્વાથ બનાવવો. સવારે ખાલી પેટ આ ઉકાળામાં આશરે દસ પંદર મિલિલીટર જેટલું એરંડિયું મેળવીને દર્દીને પીવા આપવું. આનાથી પેટ સાફ આવી તેમાં કૃમિ નીકળી જશે. અઠવાડિયામાં એક વારના હિસાબે સાતેક વખત આ રીતે આ ક્વાથ આપવો.

૪. હરસની પીડા વધે કે લોહી પડતું હોય ત્યારે મળ સાફ લાવવા ગરમાળાનો ગોળ, હરડેનું ચૂર્ણ અને કાળી સૂકી બીજ કાઢી લીધેલી દ્રાક્ષ દસદસ ગ્રામ લઈ તેને એકસાથે લસોટી, સોળ ગણા પાણીમાં ઉકાળી ક્વાથ બનાવવો, વહેલી સવારે ખાલી પેટ પીવાથી પેટ સાફ આવી પીડામાં રાહત રહેશે. □

વાર્ષિક વાઙ્મય સમીક્ષા: ગુજરાત સાહિત્ય સભા તરફથી સને ૧૯૮૨ તથા ૧૯૮૩ના વર્ષના વાઙ્મયની સમીક્ષાનું કાર્ય ડૉ. મધુસૂદન પારેખને સોંપવામાં આવ્યું છે. લેખકો તથા પ્રકાશકોને તેમનાં પુસ્તકો એમને નીચેના સરનામે મોકલી આપવા આગ્રહભરી વિનંતી છે.
ડૉ. મધુસૂદન પારેખ, એ/૩ લિંકન એપાર્ટમેન્ટ્સ, આઇડીઅલ કૉલોની પાસે, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮

બ્રિજ અને શતરંજ

—સુરેશ મોદી

આ પણે આ અગાઉ બ્રિજની રમતમાં 'જેટિસન ઑમ્નિબસ' (Jettison omnibus) નામે જાણીતી એક આશ્ચર્યકારક સ્થિતિ જોઈ. આ વખતે પણ એક એવી જ વિસ્મયકારક સ્થિતિ જોઈએ, જેમાં બીજી જ ઊતરે નિચોડ (Squeeze)નો ઉપયોગ જોવા મળે છે :

♠ 7 6 5 4 3 2
♥ —
♦ K J 10 9 8 7
♣ A

♠ —
♥ —
♦ Q
♣ K Q J 10 9 8 7 6 5 4 3 2

♠ A K Q J 10 9 8
♥ A K Q 10 9
♦ —
♣ —

♠ —
♥ 8 7 6 5 4 3 2
♦ A 6 5 4 3 2
♣ —

કરાર – દક્ષિણનો 7 ♦
ઊતર – પશ્ચિમની ♣ K

કુલ્લીના રાજા અને એકા ઉપર પૂર્વ અને દક્ષિણ અનુક્રમે કાળીનો અક્કો અને લાલની દુડી ફેંકે છે. પૂર્વ પાસે કાળી અને લાલનાં છ છ પાનાં છે. ઉત્તર અને દક્ષિણ પાસે લાલનાં છ અને ચોકટનાં છ પાનાં છે. હવે ઉત્તર પશ્ચિમની રાણી કઢાવવા હુકમ ઊતરે ત્યારે પૂર્વએ કાળી કે લાલ ઊતરવી રહી. તે કાળી ફેંકે તો તે ભાતનાં તેની પાસે પાંચ અને ઉત્તર પાસે છ પાનાં રહે. તે લાલ ફેંકે તો તે ભાતનાં તેની પાસે પાંચ અને દક્ષિણ પાસે છ પાનાં રહે. જેની પાસે પૂર્વ કરતાં એક ભાતનું વધુ પાનું હોય તેની ઊતર હોય તો તે તે ભાતનાં પાંચ પાનાં ભાગીદાર પાસે કપાવીને છઠ્ઠા પાનાંનો હાથ કરી શકે. આથી સમજાશે કે જો પૂર્વ બીજી ઊતરમાં કાળી ફેંકે તો બીજો હાથ ઉત્તરે લેવો જોઈએ, અને તે લાલ ફેંકે તો બીજો હાથ દક્ષિણે લેવો જોઈએ.


Hugh Darwenના આ સુંદર કોયડામાં ચાવીની રમત અહીં જ આવે છે. બીજા હાથે ઉત્તર ચોકટનો રાજા રમે છે. (આ એક જ એવું પાનું છે કે જેના પર પૂર્વનાં પાનાં પડ્યા પછી દક્ષિણનો હાથ કરવો કે ઉત્તરનો તે નક્કી કરી શકાય.) હવે પૂર્વ કાળી ફેંકે તો દક્ષિણ હલકું પાનું ફેંકી ઊતર ઉત્તરના હાથમાં રાખે અને જો પૂર્વ લાલ ફેંકે તો રાજા પર એકો નાખી દક્ષિણ હાથ લઈ લે.

હવે ઉત્તર દક્ષિણ વારાફરતી કાળી અને લાલનાં પાંચપાંચ પાનાં કાપે અને છેલ્લે જેની ઊતર હશે તેની પાસે તે ભાતનું તેરમું પાનું રહેશે, અને તેનો તેરમો હાથ કરીને દક્ષિણ પોતાનો કરાર પૂર્ણ કરી લેશે. □

આ વખતે આપણે જે સ્થિતિ જોઈએ છીએ તે બે પ્રથમ શ્રેણીના મહારથીઓ—તેમાંના એક તો ભૂતપૂર્વ વિશ્વવિજેતા—વચ્ચેની રમતમાંથી લેવામાં આવી છે. અહીં સફેદ પાસે કાળાના ઘોડાના બદલામાં હાથી છે, પણ તેની પાસે એક પ્યાદું ઓછું છે. મહોરામાં તેની સરસાઈ હોવા છતાં કાળાએ પોતાની સ્થિતિનો બચાવ સારી રીતે કર્યો લાગે છે.

આ સ્થિતિમાં સફેદ હાથીનો ભોગ આપીને એક સુંદર કૉમ્બિનેશનની શરૂઆત કરે છે, અને પરિણામે થોડી જ ચાલમાં જીત મેળવે છે. કઈ રીતે તે આપણે જોઈએ.

Petrosian



Taimanov

1 R×Pch, P×R;

અહીં 1..., B×R; પછી સફેદ 2 Q×Nch, B-B2; 3 Q-B6 અને પછી 4 Q-N7થી મહાત કરે છે.

2 P-R7ch, K×P; 3 Q×Bch, N-N2; 4 K-B2!

આ શાંત લાગતી ચાલથી QN1 પરના સફેદ હાથીનો KR1 પર થઈને મહાત કરવાનો માર્ગ ખુલ્લો થાય છે. હવે કાળો 4..., K-R3; રમે તો 5 R-R1ch, N-R4; 6 B-N5થી મહાત થાય માટે 4..., Resings.

પેટ્રોશીઅન બહુ જ ઓછી રમતો હાર્યા છે. પણ આ રમત તે વિશ્વવિજેતા થયા તે અગાઉ ૧૦ વર્ષ પહેલાં હાર્યા હતા. □

સર જ્હૉન બેરી હૉબ્સ

ટેસ્ટ ક્રિકેટ-શતાબ્દીની વિશ્વ-એકાદશ–૨

ભરત ના. ભટ્ટ

આપણી આ 'શતાબ્દીની વિશ્વ-એકાદશ'ના બીજા ઓપનર પણ ટ્રમ્પર જેવી જ વીરલ અને આગવી પ્રતિભા ધરાવે છે. પરંતુ ભિન્ન પરિમાણવાળી અને ભિન્ન ગોળાર્ધની—ઇંગ્લૅન્ડની એ ભેટ છે. એ પ્રતિભા એટલે સર જ્હૉન – અથવા જૅક બેરી હૉબ્સ. જેવી ટ્રમ્પરની નૈસર્ગિકતા તેવી હૉબ્સની શાસ્ત્રીયતા. જો ટ્રમ્પર ભવભૂતિ તો હૉબ્સ ભરતમુનિ. નિબિડ વનમાં પવનવેગે ચિત્તો જતો હોય અને ડામરની સડક ઉપર વિદ્યુતગતિએ રેઈસકાર જતી હોય, એ બંને દશ્યોને એકસાથે નજીકનજીક જોવાં છે? તો આવો, ટ્રમ્પર અને હૉબ્સને ક્રીઝ પર એક સાથે ખીલતા જોઈ લો.

પાંચ ભાઇઓ અને છ બહેનોમાં સૌથી મોટા એ હૉબ્સનો જન્મ એક સદી પૂર્વે કૅમ્બ્રિજમાં ૧૬ ડિસેમ્બર ૧૮૮૨ના રોજ થયેલો. પિતા જ્હૉન હૉબ્સ આરંભમાં ધંધાદારી અમ્પાયર હતા અને પછી નજીકની જિસસ કૉલેજમાં ગ્રાઉન્ડ્સ મૅન તરીકે કામ કરતા. આમ, હૉબ્સને બાળપણથી જ ક્રિકેટની સોબત મળી. ક્રિકેટનો આ સથવારો તેમને આજીવન રહ્યો.

શાળાના અભ્યાસ દરમિયાન મોટી ટીમોની નેટ-પ્રૅક્ટિસ વખતે આ કિશોર ફીલ્ડિંગ ભરવા પહોંચી જાય. વળી કૉલેજના પટાવાળાને ઉપાડે ક્રિકેટ રમવા. ટૅનિસનો બૉલ, બૅટ તરીકે એકાદ સ્ટમ્પ અને ટૅનિસનો થાંભલો તે વિકેટ! કૉલેજની મૅચમાં તેઓ જે જે સ્ટ્રૉક નિહાળે તેનું અહીં અનુકરણ ચાલે. ક્યારેક કાલ્પનિક બૉલ વડે રમવાનું પણ બને. એડમૅનની માફક સાંકડા 'સ્ટમ્પના બૅટે' હૉબ્સને 'સ્ટ્રેઇટ બૅટ'ની મહત્તા સમજાવી ને બૉલની લાઈન પારખવાનું અલૌકિક કૌશલ આપ્યું.

જૅકને કોઈએ કશું શીખવવું નથી પડ્યું. જેમ ક્રિકેટનો રસ પિતા પાસેથી વારસામાં મળ્યો તેમ એક મંત્ર પણ મળેલો. હૉબ્સ એક વાર પિતાની સ્પિન બોલિંગ સામે રમતા હતા ત્યારે વારંવાર ક્રીઝ છોડીને બહાર આવે. પિતાએ કહ્યું, 'બહાર ન ધસવું, ક્રીઝમાં રહેવું જરૂરી છે. બહાર આવવાથી તું સીધા બૅટે નહિ રમી શકે, ને તારી આઉટ થવાની શક્યતા વધશે.' જો કે પોતાના પૂર્વાર્ધમાં આ સલાહ બહુ માન્ય નથી રાખી, પરંતુ તેઓ તેનું મૂલ્ય સમજતા હતા ને પોતાનું ચાલ્યું હોત તો તેઓ કાયમ બૅટને બદલે ક્રીઝ લઇને જ રન દોડત!

તેમનું વ્યવસ્થિત રીતે ક્રિકેટ રમવાનું ૧૨મા વર્ષે શરૂ થયું જ્યારે તેઓ સેન્ટ મેથ્યુઝ (કૅમ્બ્રિજ) ખાતે ચર્ચની સંગીન ટુકડીની ઇલેવનમાં જોડાયા ને જિસસ કૉલેજની સંગીન ટુકડી વતી રમ્યા. આ ગાળામાં તેમણે 'રણજી'નું અદ્ભુત બૅટિંગ નિહાળ્યું અને મિત્રો સાથે એક ક્લબ સ્થાપી જેમાં ક્રિકેટ સાથે ફૂટબૉલ પણ રમતા.

સરે કાઉન્ટીના પ્રખ્યાત ક્રિકેટર ટૉમ હેવર્ડ હૉબ્સના આદર્શ હતા. હૉબ્સની ઇચ્છા પણ સરે કાઉન્ટી તરફથી રમવાની હતી. તેમણે 'ઍમેચ્યોર' તરીકે કૅમ્બ્રિજશાયર વતી રમવાનું ૧૯૦૧થી શરૂ કર્યું, ને એ જ વર્ષે હેવર્ડે તેમને રમતા જોયા. ૧૯૦૨માં હૉબ્સ બેડફૉર્ડ ગ્રામર સ્કૂલમાં દ્વિતીય કોચ અને દ્વિતીય અમ્પાયર બન્યા. આ વર્ષે જ ઑગસ્ટમાં રૉયસ્ટનમાં એક દાવ માટે અર્ધી ગીનીના પગારથી જોડાયા તે તેમની ધંધાદારી કારકિર્દીનો આરંભ. આ ગાળામાં જ તેમણે હર્ટ્સ ક્લબ સામે પોતાની જે પહેલી સદી ફટકારી તે તેમના પિતાએ



પણ નિહાળી હતી. જો કે પોતાના પુત્રની તે પછીની અદ્વિતીય પ્રગતિ જોવા જેટલું વરિષ્ઠ હૉબ્સ જીવ્યા નહોતા.

હૉબ્સના પિતાની વિદાય હૉબ્સ-હેવર્ડ વચ્ચે સેતુ સમી બની. હેવર્ડે વિધવા હૉબ્સના લાભાર્થે એક મૅચ યોજી. આ દરમિયાન હૉબ્સ પરિવારના એક સભ્યે હેવર્ડને યુવાન હૉબ્સ માટે ભલામણ કરી. આમ હૉબ્સ-હેવર્ડ નજીક આવ્યા. હેવર્ડે એક મૅચમાં હૉબ્સનું બૅટિંગ તો જોએલું, બીજે વર્ષે–એપ્રિલ ૧૯૦૩માં તેમને સરે કાઉન્ટીએ સ્વીકાર્યા. બે વર્ષના અજમાયશી ગાળામાં હૉબ્સે તડકી-છાંયડી જોઈ, પરંતુ ૧૯૦૫માં સરેએ તેમને કાયમી કર્યા અને ઇંગ્લિશ કાઉન્ટી ક્રિકેટના ઇતિહાસનું એક અદ્વિતીય પર્વ શરૂ થયું.

એપ્રિલ ૨૪, ૧૯૦૫ના રોજ હૉબ્સ પોતાની પહેલી પ્રથમ કક્ષાની મૅચ રમવા મેદાને પડ્યા ત્યારે સામે ડબલ્યુ. જી. ગ્રેસ સુકાની હતા. બીજા દાવમાં હૉબ્સે બે કલાકમાં ૮૮ રન કર્યા ત્યારે ડૉ. ગ્રેસ તેના પર ફિદા થઈ ગયા હતા. એ તરુણ પોતાની જ અદ્વિતીયતાને પડકારનારો બનશે તેની ગ્રેસને ત્યારે કલ્પના ક્યાંથી હોય!

ઈ. ૧૯૦૭માં ઇંગ્લૅન્ડ આવેલી દ. આફ્રિકાની પ્રવાસી ટીમ સામે કાઉન્ટી મૅચોમાં હૉબ્સે સારો દેખાવ કર્યો તેથી ૧૯૦૭–'૦૮ના ઑસ્ટ્રેલિયાના પ્રવાસ માટે તેઓ પસંદ થયા. આ પ્રવાસમાં મેલબોર્ન ખાતેની બીજી ટેસ્ટમાં (૨-૧-૧૯૦૮ના રોજ) ટેસ્ટપ્રવેશ કરી તેમણે ૮૩ અને ૨૮ રન કર્યા. પોતાની આ પ્રથમ સીરીઝમાં તેમણે ૪૩ રનની સરાસરીથી ૩૦૨ રન કરેલા.

ઈ. ૧૯૦૯-'૧૦માં ઇંગ્લિશ ટીમનો દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ હૉબ્સની ટેસ્ટ કારકિર્દીનું ઓજસ્વી પરોઢ બની રહ્યો. તેમના રુંવેરુંવે શુદ્ધ વૃત્તિજન્ય બૅટિંગકળા ભરી છે તેનો પરિચય આ પ્રવાસે આપ્યો. ઇંગ્લિશ બોલર બોઝનક્વેટે શોધેલી 'બૅક ઑફ ધ હૅન્ડ'વાળી ગુગલી બોલિંગની રહસ્યમય પદ્ધતિને ચાર દક્ષિણ આફ્રિકનોએ એવી હસ્તગત કરેલી કે ઇંગ્લૅન્ડ આ સીરીઝ ૩–૨થી હાર્યું અને છતાં, જો ત્યારે 'મૅન



કાતિલ ફટકાબાજ જ્હૉન હૉબ્સ, પ્રથમ વિશ્વયુદ્ધ પૂર્વે

ઑાવ ધ સીરીઝ'નો ઍવૉર્ડ હોત તો તે હૉબ્સને જ મળત. કસબી નિષ્ણાતો દ્વારા અજમાવાયેલી આ પ્રચ્છન્ન બોલિંગ-પદ્ધતિ સામે મેટિંગ વિકેટ પર હૉબ્સે અજબ પ્રભુત્વ બતાવ્યું. સીરીઝમાં ૬૭-૩૭ની સરાસરીથી ૫૩૯ રન! બીજા કોઈ પણ ઇંગ્લિશ બૅટ્સમૅન કરતાં બેવડી સરાસરી! પ્રવાસેથી હૉબ્સ પાછા ફર્યા ત્યારે જુદા જ હતા—આજે ક્રિકેટ જગત જે હૉબ્સને ઓળખે છે તે.

ઈ. ૧૯૦૯ની ઑસ્ટ્રેલિયા સામેની નબળી સીરીઝ ઉપરાંત પ્રથમ વિશ્વયુદ્ધ સુધીમાં હૉબ્સ બીજી ચાર સીરીઝ રમ્યા, જેમાં બૅટિંગમાં ઇંગ્લૅન્ડ પક્ષે એ મોખરે રહેલા. યુદ્ધ પછી ૧૯૨૮-'૨૯ સુધીની ઑસ્ટ્રેલિયા સામેની ચાર સીરીઝમાં (૧૯૨૧ની સીરીઝ તેઓ બીમારીને કારણે રમી શકેલા નહિ) તેઓ બૅટિંગના આધારસ્તંભ બની રહેલા. દ. આફ્રિકા સામે તેમજ વેસ્ટ ઈંડિઝ સામે પણ તેમનું બૅટિંગ મોખરે રહ્યું. તેમની છેલ્લી સીરીઝ તે ૧૯૩૦ની ઑસ્ટ્રેલિયા સામેની સીરીઝ. ઓવેલ ખાતેના છેલ્લા ટેસ્ટ દાવમાં તેઓ માત્ર ૯ રન કરી ફેરફેક્સના બૉલમાં કલીન બૉલ્ડ થયા હતા!

લગભગ ૨૧ વર્ષની ટેસ્ટ કારકિર્દીમાં તેઓ ૬૧ ટેસ્ટ રમેલા ૪૧ ઑસ્ટ્રેલિયા સામે, ૧૮ દ. આફ્રિકા સામે ને બે વેસ્ટ ઇન્ડિઝ સામે. જેવી તેજસ્વી તેમની ટેસ્ટ કારકિર્દી તેવી જ-બલકે તેથી વધુ તેજસ્વી-તેમની કાઉન્ટી ક્રિકેટ-કારકિર્દી. ૧૯૦૫થી ૧૯૩૪ સુધીની તેમની આ કારકિર્દીમાં તેમને નામે ૬૧,૨૩૭ રન અને ૧૯૭ સદીઓ નોંધાઇ ગયાં હતાં. પ્રથમ વિકેટની સદીની ભાગીદારી ૧૬૬! બીજા હૉબ્સ સિવાય આ વિક્રમો કોણ તોડે?

હૉબ્સની અદ્વિતીયતા શેમાં હતી? વાસ્તવમાં હૉબ્સ અને તેમનું બૅટિંગ અભિન્ન હતાં. તેમના એક લાક્ષણિક જવાબમાં તેમની બૅટિંગ માટેની સાહજિકતા વ્યંજિત થાય છે. હૉબ્સને આપણે ફ્રન્ટફૂટ કે બૅકફૂટ પ્લેઅર નહિ કહી શકીએ. તેઓ બંને હતા, અને એક પણ નહોતા! એક વાર તેમણે કહેલું, 'You see, really, you don't make up your mind to go back or forward; you just feel which you ought to do!' હકીકતમાં હૉબ્સનું બૅટિંગ તેમના સંદર્ભે 'ફીલિંગ' જ હતું-'Powerful Feeling'. નખશિખ કલાકૃતિ સિવાય તેમાં બીજો વિકલ્પ ન હોય. (એલિયટે કહ્યું છે ને!) હૉબ્સના દાવ એક કલાકૃતિની જ પ્રતીતિ કરાવતા.

તેમની બીજી વિશેષતા એ હતી કે બૉલને તેઓ પીચ પરથી જ પારખી, તે પ્રમાણેનો જ ફટકો પસંદ કરતા. આ બધું વિપળમાં થવું જોઇએ, અને તે તેઓ કરી શકતા. તેમની આ વિશેષતાએ જ તેમને ગૂગલી બોલિંગ સામે અસંદિગ્ધ સફળતા અપાવી હતી. પેલા ચાર બોલરોમાંના એક અને શ્રેષ્ઠ ઑાલ-રાઉન્ડર જી. એ. ફૉકનર સાથેનો હૉબ્સનો સંવાદ આ અનુસંધાને યાદ કરવા જેવો છે:

ફૉકનર: મેં તમારી સામે એક જ ગૂગલી ફેંકેલો.

હૉબ્સ: શા માટે? મને તો ખયાલ જ નથી આવ્યો કે તમે એક જ ગૂગલી ફેંક્યો છે.

ફૉકનર: મેં પહેલો ગૂગલી ફેંક્યો તેમાં તમે ચોગ્ગો માર્યો. જો તમે તેને પારખ્યો ન હોય તો તમને કેમ ખબર પડી કે તે 'ઑાફ' બાજુથી ટર્ન લે છે?

હૉબ્સ: મને ખબર જ નહોતી. મેં તો તેને પીચ પરથી નીરખીને જ ફટકો નક્કી કરેલો.

એક બૅટ્સમૅન તરીકે બે ગુણો હૉબ્સ પાસે તેની પૂર્ણતમ માત્રામાં હતા. (૧) બૉલને પારખવાની અર્જુનદૃષ્ટિ અને (૨) ચિત્તા જેવા ચપળ પગ. બૉલની ગતિ, દિશા, લૅન્થ અને પીચ પછીનું તેનું પરિવર્તન બધું તેમની માઇક્રોસ્કોપિક આંખો પારખી લે. અને પગ આંખને એવા અનુસરે કે ક્યારેક તો આંખની આજ્ઞા પહેલાં જ પગે યોગ્ય સ્થિતિ લઈ લીધી હોય! જહૉન આર્લોટ લખે છે, 'His smooth, quick footwork took him to the right point so early that often he seemed to be there waiting for the ball to arrive.'

હૉબ્સ 'માસ્ટર' કહેવાયા તે કોઈ પણ પરિસ્થિતિ-પરિવર્તનમાં પોતાની શ્રેષ્ઠતા તેઓએ સાબિત કરી તેથી. હૉબ્સની કારકિર્દી સંક્રાંતિકાળની, તેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના બે ભિન્નભિન્ન યુગોને જોયા ને તે બંનેમાં પોતાનું સ્વપ્ન મેળવ્યું. આ બે ગાળા એટલે પ્રથમ વિશ્વયુદ્ધ (૧૯૧૪ થી ૧૯૧૮)ની પહેલાંનો સમય અને તે પછીનો સમય. વિશ્વયુદ્ધ પહેલાં હૉબ્સ ક્રિકેટની એ પરંપરામાં રમ્યા જેના સ્થાપક ડૉ. ગ્રેસ હતા. એ ક્લાસિકલ પરંપરા હતી. ત્યારે રક્ષણ માટેનું પ્રધાન શસ્ત્ર ડીફેન્સ જ મનાતું. બોલરો મુખ્યત્વે ઑાફ સ્ટમ્પ પર જ આક્રમણ કરતા. ઑાફ સ્ટમ્પની બહાર પગ લઈ જવાનું ભાગ્યે જ કોઈ કરતું. પીચ ઢંકાતી નહોતી; બગડેલી પીચ પર ઝડપી બોલરોને અજમાવાતા નહોતા. એક દાવમાં એક જ બૉલ વપરાતો. લેફ્ટહૅન્ડ સ્પિન, ઑાફ બ્રેક, ગૂગલી તથા સ્વિંગ પ્રવેશી ચૂકી હતી, પણ લેગબ્રેક અને સીમ બોલિંગ હજી અજાણી હતી.

પ્રથમ વિશ્વયુદ્ધ પછી ૧૯૨૦માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પુનર્જિવિત થઈ ત્યારે હૉબ્સ ૩૭ વર્ષના હતા. ઑસ્ટ્રેલિયાના પ્રભુત્વ સાથે ક્રિકેટમાં નવીન-આધુનિકયુગ આવ્યો. ગ્રેગરી-મૅકડોનાલ્ડની જોડીએ સ્વિંગ બોલિંગનો બે પાંખિયો હુમલો કર્યો. લેગસ્પિન બોલિંગ આવી અને ગ્રીમેટ દ્વારા કલાત્મકતા અને અસરની પરાકાષ્ઠાએ પહોંચી. પીચ ઢંકાવા લાગી. એક જ દાવમાં બીજો નવો દડો લેવાનું શરૂ થયું. આમ, પ્રથમ વિશ્વવિગ્રહ પછી ક્રિકેટ જાણે દ્વિજ બની. આ નવી ઘડાતી-વિકસતી પરંપરામાં, ૩૭ વર્ષની ઉંમરે પણ હૉબ્સે જે જે પડકાર આવ્યો

તેને પોતાના બૅટિંગના જન્મજાત કૌશલથી ઝીલી લીધો.

તેઓ ફૉરવર્ડ પ્લેના નિષ્ણાત હતા જ. હવે 'બૅઈટ ડિફેસિન્વ સ્ટ્રોક' તેમણે એટલી જ કુશળતાથી હસ્તગત કર્યો. બૅટ અને પૅડનો સાથે ઉપયોગ કરવામાં પણ તેઓ પૂરા સફળ રહ્યા. ક્લાસિકલ યુગમાં ઑફ સ્ટમ્પ પર જ બોલરનું આક્રમણ રહેતું ને ઑફ સાઈડના ફટકાઓનું જ પ્રભુત્વ હતું. આ તોડવાનું ચાર્લ્સ ફ્રાય, રણજી, વૉનૅર વગેરેએ શરૂ કરેલું, પણ હૉબ્સ તો તેમાં અજોડ બન્યા! પોતાના ઉત્તરાર્ધમાં એક વાર તેમણે બિલ બાઉસના ઑફ સ્ટમ્પની પણ બહાર જતા એક ઝડપી બૉલને પુલ શૉટ મારેલો! એક વાર આર્થર મેઇલીના, મદદરૂપ પીચ પર,મિડલ સ્ટમ્પ પરના ઝડપી, ઉછળતા બૉલને હૉબ્સે ઑફ સ્ટમ્પની પણ બહાર જઇને સ્ક્વેર-લેગ તરફ મોકલેલો.

પણ કહેવાય છે કે હવેના હૉબ્સ જુદા જ હતા. ક્રિકેટની સાથે જાણે તેઓ પણ દ્વિજ બન્યા હતા, યુદ્ધ પહેલાંના હૉબ્સ એટલે ટાગોરની પેલી અભિસારિકા વાસવદત્તા જેવા, આક્રમક, નિર્બન્ધ, મરણિયા. જ્યારે યુદ્ધ પછીના હૉબ્સ ઉપગુપ્ત જેવા, તેજસ્વિતા ખરી પણ સંયત-શીતલ. યુદ્ધ પૂર્વેના ગાળામાં ક્રીઝ છોડવાના વ્યસની હૉબ્સ યુદ્ધ પછી 'વિધિન ક્રીઝ' જ રમ્યા છે. પરંતુ આ બંને હૉબ્સ હતા તો અદ્વિતીય જ. વૂલી લખે છે: 'They can say what they like about him, but only those of us who saw Jack before 1914 knew him at his very bast. તો કાર્ડસ લખે છે: He Was the first batsman really to master the bowling. ખરેખર હૉબ્સ, ઑસ્ટ્રેલિયાના મૅકાર્ટની ઉપરાંત, એક માત્ર એવા બૅટ્સમૅન હતા જેણે ક્રિકેટની બે ભિન્ન પરંપરાઓમાં પોતાની પ્રતિભા સાબિત કરી.

હૉબ્સ કવર પૉઈન્ટના અજોડ ફીલ્ડર, પૂર્વાનુમાનથી દડાને પકડી વિપળમાં નીચા ઝડપી ઘાથી જે રીતે પહોંચાડે તે આખી પ્રક્રિયા નિહાળવા જેવી – સહજ આકર્ષક અને ઝડપી. ક્યારેક બૅટ્સમૅનને રનની લાલચમાં નાખી સીધા ઘાથી રનઆઉટ કરે! તેમના ઘા પણ જોરદાર, તેમના સાથી વિકેટકીપર સ્ટ્રુડવિકે ગમ્મતમાં કહ્યું છે કે, 'જો તેમના ઘા હું ઝીલી ન શક્યો હોઉં તો મારી છાતીના પાંસળાં ભાંગ્યા જ હોય. બૅટ્સમૅનને પોતાની પ્રથમ સીરીઝમાં જ હૉબ્સની ફીલ્ડિંગમાં ઘાતક અનુભવ થએલો.

જાણીને આશ્ચર્ય થાય કે હૉબ્સ કાઉન્ટી લેવલે મધ્યમ ઝડપી, આઉટસ્વિંગ બોલર પણ હતા. પ્રથમ કક્ષાની ૧૦૦ જેટલી વિકેટો તેમના રનના ગંજ સામે પોતાની તતૂડી વગાડે છે.

સામાન્ય ઊંચાઈ, એકવડિયો બાંધો, સાદો સુઘડ પહેરવેશ, મૃદુ-ધીમો અવાજ, જરા માંજરી ચંચળ તેજસ્વી આંખો, ભાવવાહી ચહેરો, આવા હૉબ્સ પોતાના અસ્તિત્વ વિશે અભાન. સમારંભો, પ્રચાર-પ્રસાર ન ગમે, પણ (બીરાન બ્રેડીની જેમ) પત્રલેખનના શૉખીન. કાર-કિર્દીના આરંભથી જ પત્રોની લેવડ-દેવડ સારી, જાતે જ જવાબ લખે.

તેઓ ૧૭ વર્ષના હતા ત્યારથી કેમ્બ્રિજની યુવતી અડા ગેટસ (Ada Gates) સાથે પરિચય-પ્રણય થયેલો. ૧૯૧૭માં બંને પરણ્યાં. સ્નેહાળ પતિ અને પિતા. પત્નીને ક્રિકેટપ્રવાસમાં સાથે રાખવાપ્રયાસો કરતા જ અથવા અંગત ખર્ચે સાથે લઈ જતા. ત્રણ પુત્ર અને એક પુત્રીના પિતા હૉબ્સે સંતાનોની પણ પૂરતી દરકાર-ચિંતા રાખતા અને બીમાર પત્નીની સેવા પણ એવી જ કરી.

હૉબ્સ સિદ્ધાંતપૂર્વક જીવનારા હતા. વિનયશીલ અને મિત્રો વચ્ચે ખૂબ મળતાવડા તેમજ હળવા. અંગ્રેજોના પ્રમાણમાં મદ્યપાન ધૂમ્રપાનથી દૂર. પ્રથમ વિશ્વયુદ્ધ પછી તેમણે રમતનાં સાધનોની એક દુકાન કરેલી જે ૧૯૬૨ સુધી તેમની આવકનું સાધન રહી. હૉબ્સ પ્રામાણિક નફો જ લેતા. બિનઅનુભવીને તેઓ જાતે જ સરસ બૅટ શોધી આપતા ને કેટલાયના ઉધાર બિલની માંડવાળ કરતા.

ઈ. ૧૯૫૩માં તેમને ઇંગ્લૅંડનાં મહારાણીએ 'સર'નો ખિતાબ એનાયત કર્યો હતો. તેમની સ્મૃતિમાં પાર્કર્સ પીસ' ખાતે 'હૉબ્સ પેવેલિયન' બંધાયું છે, ને હોમ-ગ્રાઉન્ડ ખાતે 'હૉબ્સ દ્વાર' રાખવામાં આવ્યું છે.

ઈ. ૧૯૬૩માં પત્નીનું અવસાન થયા પછી હૉબ્સ લાંબુ ન જીવ્યા ૨૧-૧૨-૧૯૬૩ના રોજ શાંતિથી ચિરનિદ્રામાં સૂતા. આપણે કહીશું કે 'અમારો દાવ આરંભવા આવો', તો શિસ્તબદ્ધ આક્રમણનો નમૂનો પૂરો પાડવા તેઓ સત્વરે આવશે – ટ્રમ્પર સાથે કદમ મિલાવતા. □

અનુસંધાન] **કલાવાર્તા** [પૃષ્ઠ ૧૯થી
માં જન્મેલા અને દાદા ઇશ્વરલાલ તથા પિતા ત્રિકમલાલ પાસેથી તાલીમ પામી બીબાં કોતરવામાં નિષ્ણાત બનેલા માણેકલાલની આ કલાકૌશલ-ક્ષેત્રે બહુ ઊંચી નામના છે. વ્યવસાયની સાથે કલાની દૃષ્ટિએ પણ એમને આ કામમાં ઊંડો રસ હોઇ, તેઓ આ કારીગરીને જીવતી રાખવા સદા પ્રયત્નશીલ રહ્યા છે. અનેક યુવાનોને એમણે આ કલાની તાલીમ આપી છે અને હજી યે આપે છે. આ કલા-કૌશલની ખૂબીઓ શીખવા છેક બાંગ્લાદેશથી આવીને એક કારીગર એમની પાસે છ માસ રહી ગએલો. અત્યંત નજાકત ભરી ફૂલબુટ્ટીઓથી માંડી અટપટી ભૌમિતિક ભાતો અને ચિત્રાત્મક આકાર-આકૃતિઓ કોતરવામાં માણેકલાલની આગવી કુશળતા રહી છે. અમદાવાદ, વડોદરા અને દિલ્હીનાં સંગ્રહસ્થાનોમાં આ કારીગરીના ઉત્તમ નમૂનાઓ તરીકે માણેકલાલનાં બીબાંઓ સંઘરાયાં છે. લંડનના મિસ વેરોનિક મર્ફી, વિખ્યાત વિદ્વાન બુહ્હર, અમેરિકાના પિબોચ મ્યૂઝિયમ અને જાપાનની ઓત્સુકા ટેક્સ્ટાઇલ્સ કૉલેજે પણ એમનાં બીબાં સંઘર્યાં છે. માણેકલાલે પોતાના કામનાં પ્રત્યક્ષ નિદર્શનો પણ આપ્યાં છે.


શ્રેષ્ઠ કારીગરી માટેનું ગુજરાત રાજ્યનું ૧૯૭૮-'૭૯નું પ્રથમ પારિતોષિક તથા ૧૯૭૯-નો રાષ્ટ્રીય પુરસ્કાર પણ એમને એનાયત થયાં છે. અમદાવાદના દૂરદર્શન કેન્દ્રે પણ બીબાં બનાવવાના એમના કૌશલને ટી.વી. પર રજૂ કરેલું છે. લોકકલાના મર્મજ્ઞ કલાકાર હકુભાઈ શાહે માણેકલાલનો સાથ લઈ 'બીબાં બનાવવાની કારીગરી' પર એક સરસ પ્રૉજેક્ટ પણ તૈયાર કર્યો છે. માણેકલાલે શાળામાં તો બહુ લાંબો અભ્યાસ નથી કર્યો, પણ અવારનવાર પોતાને ત્યાં આવતા વિદેશી મુલાકાતીઓને તેઓ ભાંગીતૂટી અંગ્રેજીમાં યે પોતાના કામની ખૂબીઓ સમજાવી શકે છે. કાપડ પરની છપાઈમાં આધુનિક પદ્ધતિઓ વડે ઘણું સુંદર અને ધાર્યું પરિણામ ઝડપથી લાવી શકાય છે એ કબૂલવા છતાં એક કલાકૌશલ તરીકે બીબાં અને તેની છપાઈનું તેમને મન વિશેષ ગૌરવ છે. એક નાના ગામમાં વસીને યે એમણે સતત પ્રયોગશીલ અને કાર્યરત રહી યાંત્રિક પદ્ધતિઓની સ્પર્ધા સામે આ કલાકૌશલને જે ગૌરવથી જાળવ્યું ને વિકસાવ્યું છે તે ખરેખર અભિનંદનીય છે. અહીં એમના કામની આછી-શી ઝલક આપી છે. – **બંસીલાલ દલાલ**

∞

ચાર્લ્સ વિલ્સન પીલ નામના એક અમેરિકન ચિત્રકારે જ્યૉર્જ વૉશિંગ્ટનને સામે બેસાડીને સાત વખત તેની છબી ચીતરી હતી, અને એના માટે એક જાતના મોટા સાબર –એલ્કના દાંતને સીસાના ઢાળામાં બેસાડીને દાંતનું ચોકઠું પણ બનાવી આપેલું.

∞

વાન ગૉઘે ૨૭ વર્ષની વયે પહોંચ્યા પછી ચિત્રકામ શરૂ કરેલું.






આજે તો છાપકામની અનેક પદ્ધતિઓ વડે કાપડને ભાતીગળ સૌંદર્ય આપી શકાય છે, અને યંત્રોના ઉપયોગ વડે આ કામમાં ઘણો વેગ પણ શક્ય હોઈ મોટા પાયે એવા શોભનમંડિત કાપડનું ઉત્પાદન થઈ શકે છે. કાપડ પરની આ શોભનભાતોમાં દેશદેશની આગવી લાક્ષણિકતાઓને લીધે તેમાં મબલખ વૈવિધ્ય પણ જોવા મળે છે. પરંતુ આ માટે રોલર-પ્રિન્ટિંગ કે સ્ક્રીન-પ્રિન્ટિંગ વગેરે જેવી પદ્ધતિઓ વિકસ્યા પહેલાં લાકડાનાં હાથે કોરેલાં બીબાં વડે કાપડ ઉપર જે છપાઈ થતી તે આ યંત્રયુગમાં પણ ટકી રહી એક કલા-કૌશલ રૂપે પોતાનું આગવું ગૌરવ સાચવી


માણેકલાલ ગજ્જર


રહી છે. અલબત્ત, યાંત્રિક સહાયથી થતી છપાઈ જેવી સફાઈ અને વિવિધતા તથા ઝડપ તેમાં આણી શકાતી નથી, પરંતુ એમાં બીબાં માટેની ભાતની કલ્પનાથી માંડી બીબાં કોતરવામાં તથા છાપવામાં કારીગરના હાથનો સીધો સ્પર્શ અમુક જે ખાસ અસર પ્રકટાવે છે તે યાંત્રિક છપાઈમાં પ્રકટી શકતી નથી. મુદ્રિત કલાકૃતિ અને ગ્રાફિક્સની છાપ જેવો આ તફાવત હોઈ એક આગવા કલાકૌશલ તરીકે તેનું મૂલ્ય છે.

લાકડાનાં બીબાં વડે કાપડ ઉપર છાપવાનું ક્યાં અને ક્યારે ઉદ્ભવ્યું તેનો કોઈ નિશ્ચિત ઉત્તર આપી ન શકાય. લગભગ બધે એ પોતપોતાની રીતે સદીઓથી થતું આવ્યું છે, અને કાપડને શોભા આપવા ઉપરાંત પણ જુદીજુદી દૃષ્ટિએ તેનો ઉપયોગ થતો રહ્યો છે. જાપાન જેવા દેશે તો પોતાના ખ્યાતનામ ચિત્રકારોની કૃતિઓની બહુરંગી છાપ ઉતારવામાં પણ લાકડાનાં બીબાંઓનો અતિ સુંદર ઉપયોગ કરી બતાવ્યો છે. દેશ-પ્રદેશોના












આ બે પૃષ્ઠો તથા આ અંકના પૂઠાની આગળ-પાછળ પરની બધી ભાતો માણેકલાલ ગજ્જરે કોતરેલાં બીબાંની છે. એમાંની કેટલીક બહુ-રંગી ભાતો ને કેટલીક એકરંગી છે, પણ એ બધીમાં ભાતનું વૈવિધ્ય, કોતરણીની નજાકત તથા સમગ્ર પોત પર છાપતાં એકબીજી છાપમાં સંધાઈ જતા અનુસંધાન માટે રાખવી જોઈતી ચાતુરી સ્પષ્ટ જોઈ શકાશે. ઉપર આપેલી ફૂલપત્તીની ભાત તો મૂળ કોતરેલા કદમાં જ છે, અને તે ઉપરાંતની બીજી અસલ કરતાં થોડા જ નાના કદમાં છે, જે કાષ્ઠ-કોતરણી પરની એમની સિદ્ધહસ્તતાની દ્યોતક છે.

સંબંધોના વિકાસ સાથે એકબીજાની લાક્ષણિકતાઓનો પણ અરસપરસ પ્રભાવ વધતો ગયો અને તેમાં કાપડની સાથે તેના પરની અવનવી ભાતોની જુદીજુદી ખાસિયતો પણ ફેલાતી જઈ એકબીજામાં ભળવા લાગી ને પરિણામે તેમાં વૈવિધ્ય વધતું ગયું. પશ્ચિમ કરતાં પૂર્વના દેશો આ કલાકૌશલમાં અગ્ર રહ્યા. ભારતમાં આ કારીગરી ઈસ્વીસન પૂર્વે સદીઓથી વિકસી હતી. ઈસ્વીસન પૂર્વે દોઢેક સદી પહેલાં યે ભારતીય કાપડ ચીનમાં નિકાસ થતું હોવાના અહેવાલ છે. યુરોપમાં છઠ્ઠી સદીના સેન્ટ સિઝરીઅસ ઑવ એરિસની કબરમાંથી યે છાપેલા વસ્ત્રના નમૂના મળ્યા છે. પંદરમી સદીમાં ગુજરાતમાં છપાએલા કાપડના અવશેષો છેક ઇજિપ્તમાંથી મળ્યા છે. અમદાવાદના કૅલિકો મ્યૂઝિયમમાં આવા પ્રાચીન નમૂના સંઘરાએલા જોવા મળે છે.

કાપડ ઉદ્યોગમાં અમદાવાદ તો 'ભારતના માંચેસ્ટર' તરીકે ખ્યાત છે. આજે તો અહીં અદ્યતન પદ્ધતિએ કાપડ ઉપર અનેક પ્રકારનું સુંદર છાપકામ થાય છે, અને તેમાં હાથ-છપાઈનો પણ મોટો ફાળો છે. આ અમદાવાદની નજીક ગુજરાતના નવા પાટનગર ગાંધીનગરની પડોશમાં જ પેથાપુર નામે એક ગામ છે. છે તો નાનું ગામ, પણ કાપડ ઉપર છપાઈ કરવા માટેનાં બીબાં બનાવવા માટે તેની વ્યાપક ખ્યાતિ છે. દૂરદૂરથી લોકો અહીં બનેલાં બીબાં ખરીદી જાય છે. આ પેથાપુર-

(અનુસંધાન પૃષ્ઠ ૧૭)



ઇતિહાસ-ધારા

અશોક હર્ષ

હાલ પાકિસ્તાનમાં આવેલ સિંધનો અમરકોટ પહેલાં મારવાડને તાબે હતો. મારવાડના નવ પ્રસિદ્ધ કોટમાંનો એ એક હતો અને તે પર મારવાડના સોઢા રાજપૂતોની હકૂમત હતી. રાવ માલદેવના અમલ દરમિયાન આ સોઢા રાજપૂતો (જે પરમારોની એક શાખા છે) તેની વિરુદ્ધ પડતાં તેણે અમરકોટ સહિત તેમની તમામ જાગીરો જપ્ત કરી, પણ મુઘલ બાદશાહ હુમાયૂંને માલદેવ પ્રત્યેની શત્રુતાથી પ્રેરાઈ બધાને તેમની જાગીરો પાછી અપાવી અને બધાને પોતાના આશ્રય નીચે લઈ લીધા. ઈ. ૧૭૧૦માં બાદશાહ શાહઆલમે જોધપુર નરેશ અજીતસિંહને તેનો ભોગવટો પાછો સોંપ્યો.

અઢારમી સદીના અંત ભાગમાં સિંધના કલોડા શાસકો ને તાલપુરાના બલુચી મીરો વચ્ચે ઊભા થયેલા સંઘર્ષમાં કલોડા અબ્દુલ નબી પરાસ્ત થઇ મારવાડનરેશ વિજયસિંહના આશ્રયે આવ્યો. સિંધ પર કબજો જમતાં આ મીરોએ ઈ. ૧૭૮૩માં અમરકોટ જીતવાનો બે વાર પ્રયાસ કર્યો અને બંને વાર પરાસ્ત થતાં એમણે એવી સમજૂતી કરી કે મીરોએ અમરકોટ પર મારવાડનો અધિકાર માન્ય રાખવો, વિજયસિંહે સિંધ પર મીરોનો અધિકાર માન્ય રાખવો.

ઈ. ૧૮૧૩ સુધી આ સમજૂતી ચાલુ રહી, પણ પછી મીરોએ અમરકોટ કબજે કરતાં એ વખતના મારવાડનરેશ માનસિંહે ઈ. ૧૭૧૮માં અંગ્રેજો સાથે સંધિ કરતી વખતે આ હકીકત તરફ ધ્યાન દોર્યું. અંગ્રેજોએ ઈ. ૧૮૪૩માં મીરો પાસેથી સિંધ જીતી લીધા બાદ અમરકોટ પર મારવાડનો અધિકાર માન્ય રાખ્યો, તા. ૨૧ મેના રોજ અભયકરણ શાહની સરદારી હેઠળ મારવાડની સેના અમરકોટનો કબજો લેવા ઊપડી. દરમિયાન અંગ્રેજોએ લશ્કરી નજરે ઉપયોગિતા પ્રમાણી અમરકોટ અને બાડમેર બંને પોતાને કબજે લઈ લીધાં.

પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન અંગ્રેજોને પક્ષે લડેલા જોધપુરનરેશના કાકા સર પ્રતાપસિંહે પોતાની યુદ્ધસેવાના બદલામાં અમરકોટ મારવાડનું હોઈ તેને પાછું સોંપવા કહેલું, પણ બ્રિટિશ સરકારે એ બાબતમાં પોતાની લાચારી દર્શાવી એ પ્રશ્ન ઉડાવી દીધેલો.

મેવાડના રાણા સંગના પૌત્ર રાણા પ્રતાપ અને મુગલ શહેનશાહ અકબર વચ્ચેનું યુદ્ધ જ્યાં લડાયેલું એ હલદીઘાટને કર્નલ ટૉડે મેવાડના થર્મોપીલી તરીકે ઓળખાવ્યું છે. પરંતુ આજ સુધી વિવાદાસ્પદ રહ્યું છે કે એ યુદ્ધમાં વિજય અકબરનો થયેલો કે પ્રતાપનો?

રાણા પ્રતાપને અકબર સાથે વેર બંધાવાનું કારણ તેણે રાજપૂત રાજવીઓની પુત્રીઓને પોતાની બેગમો બનાવવા માંડી હોવાનું કહેવાય છે. પરંતુ બંને વચ્ચેનું ઘર્ષણ રાજકીય સપાટીએ હતું, ધાર્મિક કે સામાજિક સપાટીએ નહિ. જો ધર્મભેદ કારણભૂત હોત તો રાણા પ્રતાપ પોતાના સૈન્યની એક પાંખને હકીમખાન સૂરીની સરદારી નીચે કે અકબર પોતાની સમગ્ર સેના રાજા માનસિંહની સરદારી નીચે ન મૂકત. અકબરને પોતાના શાસનનો વિસ્તાર સાધવો હતો, અને એટલા માટે તે જેમ માળવાના બાજબહાદુર, ગુજરાતના મુઝફ્ફરશાહ, બંગાળના દાઉદ, સિંધના મીર્ઝા જાનબેગ કે કાશ્મીરના યુસુફ સામે લડેલો તેમ મેવાડના રાણા પ્રતાપ સામે લડેલો—મેવાડ હિંદુ રાજ્ય હતું માટે નહિ; એ મુસલમાન રાજ્ય હોત તો પણ અકબર તેની સામે આક્રમણ કર્યા વિના રહેત નહિ.

હકીકતમાં મેવાડ સામેનું યુદ્ધ રાણા પ્રતાપે જાતે વહોર્યું હતું, જયપુરના કચ્છવાહા અને મેવાડના સિસોદિયા વચ્ચેની સ્પર્ધામાંથી આ યુદ્ધ ઉદ્ભવેલું. અબુલફઝલે 'અકબરનામા'માં જે જણાવ્યું છે, અને રાજસ્થાનના પ્રસિદ્ધ ઇતિહાસવિદ્ ડૉ. જી. એન. શર્માએ તેમના 'મેવાડ અને મુગલ સમ્રાટો'માં જેનું સમર્થન કર્યું છે તે મુજબ, અકબરે બીજાં અનેક સ્વતંત્ર રાજ્યોને મુગલ આધિપત્ય નીચે આણેલાં, તેમ મેવાડ સાથે ન કરતાં તેણે રાહ જોવાનું નક્કી કરેલું કે, દિલ્હી સાથે સહકારની નીતિ પોતાને લાભદાયી હોવાનું પ્રતાપને ગળે ઊતરે છે કે નહિ. અકબરની યુદ્ધ કરવાની ઇચ્છા નહોતી, એટલે તો કીકારાણા-(મુસ્લિમ તવારીખ-નવેશોએ પ્રતાપનો 'કીકારાણા' તરીકે ઉલ્લેખ કરેલો છે.)ના દરબારમાં એણે એકબે વાર નહિ, પણ છ વાર પોતાના વિષ્ટિકારોને એનું મન જાણવા મોકલ્યા હતા. રાજા માનસિંહ પણ ડુંગરપુર અને સલુંબરથી પાછા વળતાં પ્રતાપને અકબરનું આધિપત્ય સ્વીકારી તેની સાથે મૈત્રી બાંધવાનું સમજાવવા માટે જ ઈ. ૧૫૭૩ના જૂનમાં ઉદયપુર રોકાયેલો.

'રાજરત્નાકર'થી માંડી 'રાણાજીકી બાટ' સુધીના રાજપૂત સ્રોતોના જણાવ્યા મુજબ રાજા માનસિંહ રાણા પ્રતાપ તેની સાથે જમવા ન બેસતાં અપમાનિત થઈ પાછો ફરતો હતો ત્યારે પ્રતાપે તેને સંદેશો મોકલ્યો કે, 'હવે આવો ત્યારે એકલા ન આવતાં તમારા ફૂઆ અકબરને પણ લેતા આવજો' જેનો જવાબ માનસિંહે વાળેલો કે, 'તમારો ગર્વ હું ખંડિત ન કરું તો મારું નામ માન નહિ.'

વિષ્ટિમાં રાજા માન અને ટોડરમલ જેવાઓ પણ પ્રતાપને સમજાવવામાં નિષ્ફળ જતાં અકબરને યુદ્ધ વિના છૂટકો ન રહ્યો. તેણે અજમેર પહોંચી રાજા માનની સરદારી નીચે મેવાડ પર લશ્કરી આક્રમણ તોળ્યું અને આસફખાન તથા મેહતરખાનને તેની મદદમાં મૂક્યા. બંનેનાં સૈન્યો ઈ ૧૫૭૬માં હલદીઘાટ નજીક સામસામાં ભટકાયાં. સવારથી તે બરબપોર સુધી હાથોહાથ લડાયેલું એ યુદ્ધ જેટલું તુમુલ એટલું જ ટૂંકું હતું. થોડા જ કલાકમાં પ્રતાપનો પરાભવ થયો હતો.

'તારીખે બદાયૂની'નો લેખક મુલ્લા અબ્દુલકાદિર બદાયૂની આ યુદ્ધ નજરોનજર જોનાર લેખક છે, જ્યારે અન્ય રાજપૂત ઇતિહાસસ્રોતો એ પછીથી લખાયેલા છે. જયપુર પાસેના તોડાભીમ મુકામે ઈ. ૧૫૪૦માં જન્મી ૧૫૯૭માં અવસાન પામેલા એ ઇતિહાસકારના જણાવ્યા પ્રમાણે, અકબર આ યુદ્ધ પછી રાજા માન પર એ કારણે નારાજ થયેલો કે તેણે નાસી છૂટેલા પ્રતાપનો પીછો પકડ્યો નહિ ને તેના પ્રદેશને લૂંટવાની સૈનિકોને છૂટ આપી નહિ. એ આ યુદ્ધમાં માર્યા ગયેલાઓની કુલ સંખ્યા ૫૦૦ની બતાવે છે, જેમાં તેના જણાવ્યા પ્રમાણે ૧૨૦ તો મુસ્લિમો હતા. 'અકબરનામા'માં અબુઝફઝલ તથા 'તબકાતે અકબરી'માં નિઝામુદ્દીન મુગલોના ૧૫૦ અને રાણાના ૫૭૦ સૈનિકો માર્યા ગયાનું જણાવે છે.

અકબરે આ વિજય છતાં મેવાડનું રાજ્ય પોતાના સામ્રાજ્યમાં ભેળવી ન દીધું એ એની ઉદારતાનું જ દ્યોતક છે. સિસોદિયા સિવાયના રાજપૂતાનાના રાજપૂતો કંઈ કાયર નહોતા, પરંતુ મેવાડની મૈત્રીને બદલે એમણે મુગલોની મૈત્રી પસંદ કરી તેનું કારણ સિસોદિયાઓનું મિથ્યાભિમાન જ હતું. રાણા પ્રતાપ હલદીઘાટથી નાસી છૂટીને ય કશું વિશેષ સિદ્ધ કરી શક્યો નહોતો, તે કરતાં તો એ યુદ્ધમાં વીરગતિ પામ્યો હોત તો તેની રાજપૂતાઈ વધુ ઝળકી ઊઠી હોત. □

સ્હાણું', સ્હેલું', ધરવી ઉરમાં આશ; જ્યાં સુધી આશા,
સર્જે' વાંછ્યું નિજ, નિજતણા ભગ્ન ખંડેરમાંથી.

મહારાષ્ટ્રીય સંતકવિ તુકારામને કર્કશા પત્ની જોડે પાનું પડેલું. એક વાર શેરડીના સાંઠા લઈને તુકારામ ઘેર આવતા હતા ત્યાં માર્ગમાં થોડા રંક માણસો મળ્યા: તેમના પર દયા આવવાથી તેમને તે વહેંચ્યા ને બાકી એક વધ્યો તે લઈને ઘેર આવ્યા. તેમનાં પત્નીને આ ખબર પહેલેથી જ પહોંચ્યા હતા, એટલે જેવો તેમણે એ સાંઠો પત્નીને આપ્યો તેવું જ તેણે ચંડીરૂપ ધારણ કરી તે સંતના વાંસામાં એટલો તો જોરથી માર્યો કે સાંઠાના બે કકડા થઈ ગયા, છતાં સંત તો અદ્ભુત સહનશીલતાથી હસીને બોલ્યા: 'તેં ખરેખર સહધર્મિણીનો ધર્મ બજાવ્યો છે. મેં તને એકલીને ખાવા માટે આપ્યો. પણ તેં એકલાં ન ખાતાં ભાંગીને બે કટકા કર્યા.'

∞

૧૯માંથી ૧૨ બાદ કરતાં	X I X
૯ બાકી રહે. એમ કોઈ	X I I
કહે તો નવાઈ લાગે ને?	
પણ જુઓ બાજુએ:	o o I X

∞

તોડ=ઉપાય, રસ્તો; ફેંસલો, ન્યાય, ફડચો, ચોપાટમાં સામાની સોગઠી મારવાનો પહેલો પ્રસંગ; સમાધાન, સમજૂતી; પગના માંસલ ભાગમાં થતી પીડા, શરીરનું તૂટવું તે; તોડવાની ક્રિયા કે ભાવ.



ફ્રાન્સમાં આલ્પ્સ પર્વત પાસે આવેલા સેન્ટ વેરાં નામના એક ગામમાં છેક મધ્ય યુગથી એવો વહેમ પ્રચલિત છે કે કાટખૂણામાં ભૂત વસે છે, આથી આ ગામના એક પણ ઘરમાં કાટખૂણે કોઈ રચના કરવામાં આવતી નથી.



ટિકિટકથા: ક્રિસ્ટમસ આઇલૅન્ડ નામના બે ટાપુઓ છે. એક છે મધ્ય પૅસિફિકમાં પરવાળાનો મોટો બેટ જ્યાં નાળિયેરનું વાવેતર કરવા એક પેઢીએ ૧૯૦૨માં ઈજારો રાખેલો અને એ બેટવાસીઓના આંતરિક ટપાલ-વહેવાર માટે એ પેઢીની ટપાલટિકિટો વપરાતી. ૧૯૩૯માં ત્યાં એ ટિકિટોના બદલે ગિલ્બર્ટ અને એલિસ ટાપુની ટિકિટો વપરાતી થઈ હતી. બીજો ક્રિસ્ટમસ ટાપુ હિંદી મહાસાગરમાં જાવાની દક્ષિણે છે. ત્યાં મુખ્યત્વે ફૉસ્ફેટના કારખાનાનાં માટે કામદારોની વસ્તી હતી. તેઓ ટપાલ સ્ટેટ્સ સેટલમેન્ટ્સની ટિકિટો વાપરતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાને આ ટાપુ પર કબજો કર્યા પછી ત્યાં સિંગાપોરની ટિકિટો વપરાતી. ત્યાર બાદ ૧૯૫૮માં આ ટાપુ ઑસ્ટ્રેલિયાના શાસનમાં આવ્યો, અને ત્યારથી એની પોતાની ટિકિટો વપરાય છે. તાજેતરમાં બહાર પડેલી ત્યાંની નવી ટિકિટોમાંની એક અહીં આપી છે, જેમાં ત્યાંનાં ફ્રિગેટ પક્ષીઓનું આલેખન છે. □

∞

બારમી સદીના જાપાનના એક સમ્રાટ સુતોકુએ પોતાના ત્રણ વર્ષના દેશવટા દરમિયાન રાજગાદી પર પુનઃ સ્થાપિત થવા માટે પ્રાર્થના રૂપે પોતાના લોહીથી જ ૧૩૫ પાનાં લખ્યાં હતાં.

∞

કોઈ ખેડૂતની નોકરડી વધારાનું માખણ કોઈ ગાંધીને ત્યાં અવારનવાર વેચી જતી. એક વાર માખણ વેચીને તે પાછી ફરતી હતી ત્યાં ગાંધીએ કહ્યું: 'બાઈ, ગયે વખતે તારું દીધેલું માખણ ઓછું ઊતર્યું હતું.'

'એ તો નવાઈની વાત કહેવાય.' બાઈએ કહ્યું, 'જુઓને, મારે છોકરે રમતમાં કાટલાં ખોઈ નાખ્યાં છે, એટલે મેં તમારી પાસેથી મંગાવેલી શેર ખાંડને ધડે એ તોળેલું.'